सत्यमेव जयते

| વિગત : | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૦૨ | ૦૮ | ૨૦૧૪ |
| ફેસલ તારીખ : | ૩૦ | ૦૫ | ૨૦૨૨ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૦૯ | ૨૮ |

**આંકઃ-૬૦**

---

**પાલનપુરની શ્રમઅદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.બુધ્ધભટ્ટી સાહેબ સમક્ષ,પાલનપુર.**

---

**રેફરન્સ (એલસીપી)નં.૨૭/૨૦૧૪**

**પ્રથમ પક્ષકાર :-** મેનેજીંગ ડિરેકટર,
ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.,
મુ.પાલનપુર, તા.પાલનપુર, જી.બનાસકાંઠા.

**-: વિરૂધ્ધ :-**

**બીજા પક્ષકાર :-** દલસંગભાઈ દેવાભાઈ ભુતેડીયા,
C/o. સતીષ એસ.દેસાઈ,
પિતામ્બર મહેતાનો માઢ, મોટી બજાર રોડ,
પાલનપુર, જી.બનાસકાંઠા.

.........................................................................................................

પ્રતિનિધિત્વ :-

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે :- વિ.વ.શ્રી ડિ.બી.વકિલ.

બીજા પક્ષકાર શ્રમયોગી તરફે :- યુનિયન પ્રતિનિધિ શ્રી સતીષ એસ.દેસાઈ

.........................................................................................................

**Cases Refered to :**

1. Punjab State Electricity Board Versus Sudesh Kumar Puri.
Supreme Court of India (From Punjab & Haryana ) (D.B.);
Citation : 2007 Law Suit (SC) 130; (Civil Appeal No. 648, 649 of 2007)

2. M. Venugopal Versus Life Insurance Corporation of India, Machilipatnam, A.P. & Anr.
(Supreme Court of India; 1994 I ClR 544.)
Civil Appeal No. 5150 of 1993; Date of decision : January 31, 1994)

3. G.E.B. Substituted as Gujarat State Electricity Corporation Versus Harishkumar N. Bosamiya. (High Court of Gujarat); 2014 (3) G.L.R. Vol. 55 (3) Page No. 2278. (Special Civil Application No. 8192 of 2005; Decided on : January 10, 2014.)

4. Amar Chakravarty and Others Versus Maruti Suzuki India Ltd. (Supreme Court of India); 2011-I-LLJ-251 (SC). (C.A. Nos. 10135 with 10143 & 10144/2010; Decided on- November 29, 2010).

5. North East Karnataka Road Transport Corporation Versus M. Nagangouda; (Supreme Court of India Divisinon Bench); 2007 LLR Page No. 340; (C.A. No. 129/2007 Arising out of SLP (C) No.24222/2005; Decided on- January 9, 2007).

6. Jindarsing Bahra & Anr. Versus Cargo Motors Ltd.; 2007 (1) GLR Page No. 45; (Special Civil Application Nos. 13994 and 13997 of 2006.) Decided on July,20 2006.

7. Institute of Rural Management Versus N.D.D.B. Employees Union Through Secretary & Ors.; 2011 (3) (52) GLR Page No. 2360; (S.C.A. No.8276 of 2010.) Decided on March 10, 2011.

**Cases Relied On :**

1. Bhavnagar Municipal Corporation Versus Paresh Rasikbhai Dodiya.
(Special Civil Application No. 8833 of 2009; Civil Application No.1 of 2020)
Date of Judgment : July 16, 2021.

## –:: એવોર્ડ ::–

(૧) હાલનાં કામના શ્રમયોગીએ સામાવાળા સંસ્થા વિરૂધ્ધ તેઓને ગેરકાયદેસર રીતે નોકરીની ફરજમાંથી છુટા કરતાં તે મુજબનો વિવાદ તેઓએ મદદનીશ શ્રમ આયુકત પાલનપુર સમક્ષ તા.૨૮/૦૩/૨૦૧૪ નાં રોજ ઉપસ્થિત કરતાં, તે વિવાદમાં પક્ષકારો વચ્ચે સમાધાન નિષ્ફળ જતાં, ઉપરોકત પક્ષકાર વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી.એકટની કલમ ૧૦(૧) (સી) હેઠળ મદદનીશ શ્રમઆયુકતશ્રી,

પાલનપુરે તેમના હુકમ ક્રમાંક: કેએચ/એસ/એચએમસી/–/એજે/આઈડીઆર/ ૧૨/૨૦૧૪, તા.૩૦/૦૭/૨૦૧૪ થી અત્રેની શ્રમ અદાલતને આ વિવાદનો ન્યાય–નિર્ણય કરવા અર્થે અનુસુચી સુપ્રત કરેલ છે.

(૨) આ રેફરન્સની અનુસુચિ પ્રમાણે શ્રમયોગી શ્રી દલસંગભાઈ દેવાભાઈ ભુતેડિયાને પડેલા દિવસોના પગાર તેમજ અન્ય લાભો સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

(૩) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકાર (સંસ્થા) ને હવે પછી સામાવાળા તરીકે અને બીજા પક્ષકાર શ્રમયોગીને અરજદાર તરીકે સંબોધન કરવામાં આવેલ છે.

(૪) સદર કેસ અત્રેની અદાલતમાં ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવતાં કાર્યવાહીના પક્ષકારોને હાજર રહેવા માટે નોટીસ કરવામાં આવેલ. આ નોટીસની સ્થળપત્રને આંક–૩ આપી રેકર્ડમાં સામેલ રાખવામાં આવેલ છે.

<u>અરજદારનાં માંગણા નિવેદનની હકિકત</u> :–

(૫) સદર કામે આંક–૪ થી રજુ થયેલ અરજદારનાં માંગણા નિવેદનની હકીકતોને ધ્યાને લેતાં, તેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર હાલની સામાવાળા સંસ્થાના અગાઉ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લી. મુ બાદરપુરા, તા.પાલનપુરના તાબા હેઠળના બનાસ ઓઈલ પ્રોસેસીંગ પ્લાન્ટના એકાઉન્ટ વિભાગમાં કેશીયર કમ એકાઉન્ટન્ટ તરીકે તા.૧૯/૧૦/૨૦૦૩ થી વફાદારી ખંત અને નિષ્ઠાથી પ્રમાણિકપણે નોકરી કરતા હતાં. અરજદારને માસિક પગાર રૂા.૬,૩૦૦/– ફિકસ છુટા કર્યા ત્યારે આપતા હતાં. અરજદારનો નોકરીનો સમય સવારે ૧૦–૦૦ થી સાંજના ૬–૦૦ સુધીનો હતો. સામાવાળા સંસ્થા અરજદારને માસિક પગાર ચુકવતી હતી જે નિયમ મુજબ આપતી ન હતી. સામાવાળા સંસ્થાને વિવિધ મજુર કાયદાઓ લાગુ પડે છે. જેવા કે મિનિમમ વેજીસ એકટ, આઈ.ડી.એકટ, ફેકટરી એકટ, ગ્રેજયુઈટી એકટ જેવા અનેક મજુર કાયદાઓ લાગુ પડે છે અને તેનો અમલ કરવાની સામાવાળા સંસ્થાની નૈતિક ફરજ અને જવાબદારી હોવા છતાં તેનો અમલ કરેલ

કે કરાવેલ નથી. અરજદારને મજુર કાયદા હેઠળ આપવા પડતા કોઈ દસ્તાવેજો રૂબરૂમાં માંગણી કરવા છતાં આપેલ નથી. આમ સામાવાળા સંસ્થાએ મજુર કાયદાઓનો છડેચોક ભંગ કરેલ છે. અરજદારે સામાવાળા સંસ્થામાં ૯ વર્ષ અને ૬ માસથી સળંગ અને સતત નિષ્ઠાપુર્વક ફરજો બજાવેલ છે અને દરેક વર્ષમાં બસ્સો ચાળીસ દિવસો ઉપરાંતની કામગીરી કરેલ છે. તેમ છતાં પણ કોઈપણ જાતના કારણો વગર તેમજ કોઈપણ પ્રકારની કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર અરજદારને છુટા કરી દીધેલ છે. જે સામાવાળા સંસ્થાનું પગલું ગેરવ્યાજબી, ગેરકાયદેસરનું અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે.

(૫.૧) વધુમાં તેઓ જણાવે છે કે, અરજદારને કોઈપણ જાતના વાંક ગુના વગર તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ મૌખિક હુકમથી એકાએક મનસ્વીપણે એકતરફી નિર્ણય લઈ નોકરીમાંથી છુટા કરી દીધેલ હતા. આમ અરજદરે સતત ૯ વર્ષ અને ૬ માસથી કાયમી પ્રકારની કાયમી કામગીરી કરેલ છે અને અરજદાર કાયમી હતાં. અરજદાર જે કામ કરતા હતા તે કામ હાલ ચાલુ છે અને તે જગ્યાએ અન્ય માણસો કામ કરે છે. અરજદારે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા પણ વધારે કામગીરી કરેલ છે, તેમ છતાં પણ અરજદારને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ મનસ્વીપણે એકતરફી નિર્ણય લઈ એકાએક મૌખિક હુકમથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ છે અને અરજદારને બેકારીના ખપ્પરમાં હોમી દઈ પાયમાલ કરી દીધેલ છે. જે સામાવાળા સંસ્થાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે. અરજદારને માત્ર મૌખિક હુકમથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરી દેતા અગાઉ કોઈપણ જાતની કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર છુટા કરી દીધેલ છે. તે અગાઉ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫(એફ),(જી),(એચ) ની જોગવાઈઓનું કોઈ જ પાલન કરવામાં આવેલ નથી. અરજદારે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધારે સતત અને સળંગ કામગીરી કરેલ છે. જે સામાવાળા સંસ્થાએ ધ્યાને લીધલ નથી. અરજદારને છુટા કરતાં અગાઉ કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર કે અન્ય કોઈપણ જાતની રકમ પણ ચુકવી આપેલ નથી કે કોઈપણ જાતની કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર એક તરફી મનસ્વીપણે નિર્ણય લઈને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ છુટા કરી દીધેલ છે. જે સામાવાળા સંસ્થાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનું છે. હાલના આ રેફરન્સ પરત્વે તેઓએ અરજ કરેલ છે કે, અરજદારને તા.૦૧/૦૪/૨૦૧૩ ના

રોજ મૌખિક હુકમથી છુટા કરવાનો હુકમ ગેરકાયદેસરનો, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો છે તેમ ઠરાવતો હુકમ ફરમાવવા તથા અરજદારને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ મૌખીક હુકમથી છુટા કર્યા તે દિવસથી મુળ જગ્યાએ સળંગ અને સતત નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા તથા અરજદારને રેફરન્સનું તમામ ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

**<u>સામાવાળા તરફે વાંધા જવાબ</u>**

(૬) અરજદારના માંગણા નિવેદન સામે સામાવાળા સંસ્થા તરફે આંક–૬ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલ છે. જેની હકિકત ધ્યાને લેતાં, તેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારના માંગણા નિવેદનમાં જણાવવામાં આવેલી રજુઆતો ખરી નથી અને સામાવાળા સંસ્થા ડેરીને તે કબુલ મંજૂર નથી. અરજદારને આ કે આવા પ્રકારનો રેફરન્સ કેસ અમો સામાવાળા ડેરી સામે આ અદાલત સમક્ષ કરવાનો કાયદેસરનો કોઈ હકક કે અધિકાર નથી. અરજદારના રેફરન્સનો વિગતવાર જવાબ રજૂ કરતાં પહેલા સામાવાળા સંસ્થા ડેરી અરજદારના રેફરન્સની કાયદેસરતાના મુળને અસર કરતાં નીચે મુજબના પ્રાથમીક મુદ્દા ઉપસ્થિત કરે છે અને તેને અરજદારના રેફરન્સને ગુણદોષ ઉપર સાંભળતા પહેલાં સૌપ્રથમ ન્યાય–નિર્ણય કરવા વિનંતી છે.

(એ) અમો સામાવાળા સૌપ્રથમ પ્રાથમીક મુદ્દો ઉપસ્થિત કરીએ છીએ કે, આ કામના અરજદારે મદદનીશ મજૂર કમિશ્નર સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી જેમાં તેઓએ બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સહકારી સંઘ લીમીટેડ વિરૂધ્ધ વિવાદ ઉપસ્થિત કરેલ હતો અને સદર કન્સીલીએશનની કાર્યવાહીમાં અમો સામાવાળા સંસ્થા બનાસકાંઠા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિમીટેડને સદર કાર્યવાહીમાં પક્ષકાર તરીકે જોડેલ ન હતાં. તેમ છતાં અરજદારે અત્રેની અદાલતમાં અમો સામાવાળા સંસ્થા ડેરીને સીધા પક્ષકાર તરીકે દાખલ કરી ફકત ડેરી સામે જ વિવાદ ઉપસ્થિત કરેલ હોઈ જે કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ અરજદારનો આ રેફરન્સ આ જ પ્રાથમીક મુદ્દા ઉપર રદ્દ થવાને પાત્ર છે.

(બી) વધુમાં અમો પ્રાથમીક મુદ્દો ઉપસ્થિત કરીએ છીએ કે, અમોને મળેલ માહિતી

મુજબ આ કામના અરજદાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિમીટેડમાં છેલ્લે કામ ચલાઉ એકાઉન્ટ આસીસ્ટન્ટ તરીકે તેઓની તા.૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ સુધીની ચોકકસ સમય માટે તા.૦૩/૦૪/૨૦૧૨ ના રોજ નિમણુંક પત્રથી તેઓની નિમણુંક કરવામાં આવેલ હતી અને અરજદારે મદદનીશ મજુર કમિશ્નર સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી તે ફરીયાદમાં પણ સદરહુ અરજદારે વિવાદ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા સહકારી સંઘ લિમીટેડ સામે વિવાદ ઉપસ્થિત કરેલ છે અને અત્રેની નામદાર કોર્ટ સમક્ષ અરજદાર દ્વારા માંગણાનું નિવેદન રજૂ કરવામાં આવે છે તેમાં ફકત અમો બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડને પક્ષકાર તરીકે જોડેલ છે, એટલે કે આ કામમાં અરજદારે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા સહકારી સંઘ લિમીટેડને પક્ષકાર તરીકે જોડેલ ન હોય અરજદારના રેફરન્સને નોનજોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો સ્પષ્ટપણે બાધ નડતો હોઈ અરજદારનો સદરહુ રેફરન્સ આ જ પ્રાથમીક મુદ્દા ઉપર રદ્દ થવાને પાત્ર છે.

(સી) વધુમાં અમો સામવાળા સંસ્થા ડેરી પ્રાથમીક મુદ્દો ઉપસ્થિત કરીએ છીએ કે, આ કામના અરજદારે અમો સામાવાળા સંસ્થા ડેરીમાં કયારેય પણ કામદારની હેસીયતથી ફરજો બજાવેલ નથી અને અમો સામાવાળા સંસ્થા ડેરી અને અરજદાર વચ્ચે કયારેય પણ માલીક–કામદારનો સંબંધ પ્રસ્થાપિત થયેલ ન હોઈ અરજદારનો સદરહુ રેફરન્સ આ જ પ્રાથમીક મુદ્દા ઉપર રદ્દ થવાને પાત્ર છે.

(ડિ) વધુમાં અમો સામાવાળા ડેરી પ્રાથમીક મુદ્દો ઉપસ્થિત કરીએ છીએ કે, અમોને મળેલ માહિતી મુજબ આ કામના અરજદારે છેલ્લે ૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ સુધી બનાસકાંઠા જીલ્લા તેલેબીયા ઉત્પાદક સહકારી સંઘ દ્વારા ચોકકસ સમય માટે નિમણુંક કરવામાં આવેલ હતી અને નિમણુંકનો સમય પુરો થતાં અરજદારની નોકરીનો આપોઆપ અંત આવેલ હતો અને અરજદારે ત્યારપછી કયારેય પણ બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સહકારી સંઘમાં ફરજો બજાવેલ નથી. ત્યારબાદ બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સહકારી સંઘનું તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ અમો સામાવાળા સંસ્થા બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ

ઉત્પાદક સંઘ લીમીટેડમાં મર્જ થઈ ગયેલ હતુ અને તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સહકારી સંઘમાં જે મસ્ટર રોલના કર્મચારીઓ હોય તેઓને સામાવાળા ડેરીમાં સમાવી લેવાના હતાં. પરંતુ જે તે સમયે અરજદારનું નામ તે મસ્ટર રોલમાં ન હતુ અને તેઓની નોકરીનો અંત તા.૩૧/૦૩/૨૦૧૩ ના રોજ આવી ગયેલ હોઈ અરજદારનો સદરહુ રેફરન્સ કેસ આ જ પ્રાથમીક મુદ્દા ઉપર ચાલી શકે તેમ ન હોઈ તે રદ્દ થવાને પાત્ર છે.

(ઈ) વધુમાં અમો સામાવાળા સંસ્થા ડેરી પ્રાથમીક મુદ્દો ઉપસ્થિત કરીએ છીએ કે અમો ડેરીને મળેલ માહિતી મુજબ આ કામના અરજદાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લીમીટેડમાં છેલ્લે કામ ચલાઉ એકાઉન્ટ આસીસ્ટન્ટના હોદ્દા માટે તો૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૩/૨૦૧૩ સુધીની ચોકકસ સમય માટેની નિમણુંક કરવામાં આવેલ હતી એટલે કે તેઓની નિમણુકની સમય મર્યાદા પુરી થતાં તેઓની નોકરીનો આપોઆપ અંત આવી જતો હતો. એટલે કે આ કામના અરજદાર ઔધ્યોગીક વિવાદ ધારાની કલમ ૨ (ઓઓ) (બીબી) માં પડતાં હોઈ અરજદારની સદરહુ અરજી કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ આ જ પ્રાથમીક મુદ્દા ઉપર રદ્દ થવાને પાત્ર છે.

(એફ)વધુમાં અમો સામાવાળા સંસ્થા ડેરી પ્રાથમીક મુદ્દો ઉપસ્થિત કરીએ છીએ કે, આ કામના અરજદારે મજુર કમિશ્નર સમક્ષ ફરીયાદ દાખલ કરેલ છે. તેમાં આ અદાલત સમક્ષ માંગણાનું નિવેદન રજૂ કરેલ છે, તેમાં અરજદારે જણાવેલ છે કે તેઓને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ મૌખીક હુકમથી છુટા કરેલ છે. પરંતુ હકિકતમાં અરજદારની બનાસકાંઠા જીલ્લા તેલીબીયા સહકારી સંઘ તરફથી તા.૦૩/૦૪/૨૦૧૨ ના રોજ તેઓની તા.૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ સુધી નિમણુંક આપવામાં આવેલ હતી. તે નિમણુંક પત્રમાં અરજદારે તેઓને તા.૦૯/૦૪/૨૦૧૨ ના રોજ સદર નિમણુંક પત્રની તમામ શરતોને કબુલ મંજૂર રાખીને નિમણુંકપત્રને કબૂલ મંજૂર રાખેલ હતાં. તે સંજોગોમાં અરજદારને અગાઉથી તેઓની નોકરીનો અંત તા.૩૧/૦૩/૨૦૧૩ ના રોજ આવવાનો છે. તે સંજોગોમાં અરજદારનો આ રેફરન્સ કેસ આ જ પ્રાથમીક મુદ્દા ઉપર કાયદેસર ચાલી

શકે તેમ ન હોઈ રદ્દ થવાને પાત્ર છે.

(૬.૧) સામાવાળા સંસ્થા સત્ય હકિકતો તરીકે જણાવીએ છીએ કે, અરજદારે અમો સામવાળા સંસ્થા ડેરીમાં કયારેય પણ કામદારની હેસીયતથી ફરજો બજાવેલ નથી અને અમો સામવાળા સંસ્થા ડેરી અને અરજદાર વચ્ચે કયારેય પણ માલિક–કામદારનો સંબંધ પ્રસ્થાપિત થયેલ ન હોઈ અરજદારનો આ રેફરન્સ કેસ અમો સામાવાળા સંસ્થા ડેરી સામે કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી. સામાવાળા સંસ્થાને મળેલ માહિતી મુજબ આ કામના અરજદારની બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિમીટેડ દ્વારા કામની જરૂરીયાત મુજબ અરજદારની ચોકકસ સમય માટે તેઓની નિમણુંક કરવામાં આવતી હતી અને નિમણુંકમાં તેઓની નોકરીનો અંત આવ્યા તારીખ દર્શાવવામાં આવતી હતી. તેવી જ રીતે અરજદારની છેલ્લે કામચલાઉ એકાઉન્ટ આસિસ્ટન્ટના હોદ્દા માટે તા.૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ સુધીની બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ દ્વારા ચોકકસ સમય માટે નિમણુંક કરવામાં આવેલ હતી અને સદર નિમણુંકપત્રમાં જણાવેલ શરતોનો સ્વીકાર કરેલ હતો. આમ, અરજદારની નિમણુંકનો સમય પુરો થતાં અરજદારની નોકરીનો આપોઆપ અંત આવેલ હતો અને અરજદારે ત્યારપછી કયારેય પણ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘમાં કયારેય પણ ફરજો બજાવેલ નથી. ત્યારબાદ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘનું તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ અમો સામાવાળા સંસ્થા બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લીમીટેડમાં મર્જ થઈ ગયેલ હતું અને તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘમાં જે મસ્ટર રોલના કર્મચારીઓ હોય તેઓને અમો સામાવાળા સંસ્થા ડેરીમાં સમાવી લેવાના હતાં, પરંતુ જે તે સમયે અરજદારનું નામ તે મસ્ટર રોલમાં ન હતું અને તઓની નોકરીનો અંત તા.૩૧/૦૩/૨૦૧૩ ના રોજ આવી ગયેલ હોઈ અરજદારનો સદરહું રેફરન્સ કેસ અમો સામાવાળા ડેરી સામે કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી. અરજદાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા સહકારી સંઘ લીમીટેડના તાબા હેઠળ બનાસ ઓઈલ પ્રોસેસીંગ પ્લાન્ટમાં ફરજો બજાવતાં હતાં તે અંગે તકરાર નથી. પરંતુ તેઓ તા.૧૯/૧૦/૨૦૦૩ થી વફાદારી, ખંત અને નિષ્ઠાપુર્વક નોકરી કરતાં તેવી રજુઆત સાચી નથી અને અમો સામાવાળા સંસ્થા ડેરી કબૂલ મંજૂર અને માન્ય રાખતાં નથી. અરજદારે સામાવાળા સંસ્થામાં નવ વર્ષ અને છ

માસની સતત સળંગ ફરજ બજાવેલ છે તેવી રજૂઆત તથા તેઓને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ મૌખીક હુકમથી છુટા કરી દીધેલાની રજૂઆત સાચી નથી અને અમો સામાવાળા સંસ્થા ડેરીને કબૂલ મંજૂર નથી. હકિકતમાં અમો સામવાળા સંસ્થા ડેરી અને અરજદાર વચ્ચે માલીક–કામદારનો સંબંધ પ્રસ્થાપિત થયેલ ન હોઈ સદરહુ રજૂઆત અપ્રસ્તુત છે. અરજદારે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં વધારે કામગીરી કરેલ હોવાની અને તેઓને કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર કે કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી વગર તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ મૌખીક હુકમથી છુટા કરી દીધેલાની તમામ રજૂઆતો સાચી નથી અને અમો સામાવાળા સંસ્થા ડેરીને કબૂલ મંજૂર અને માન્ય નથી. અરજદારે અમો ડેરીમાં કયારેય ફરજો બજાવેલ નથી અને તેઓને કોઈ શિક્ષાત્મક પગલારૂપે છુટા કરવામાં આવેલ નથી. પરંતુ તેઓની નિમણુંક બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લિમીટેડ દ્વારા ચોકકસ સમય માટે કરવામાં આવતી હતી. અરજદારે વચગાળાના સમયમાં બીજી કોઈ નોકરી યા કમાણી કરવાનો પ્રયત્ન અને/અથવા વચગાળાના સમયમાં બીજી નોકરી યા કમાણી કરેલ નથી તે અમો માન્ય રાખતાં નથી અને અરજદારે સ્પષ્ટપણે સાબીત કરવા જણાવીએ છીએ. આમ, અરજદાર તેમના માંગણા નિવેદનના પેરા–૮ માં માંગેલ દાદ યા અન્ય કોઈપણ દાદ કાયદેસર રીતે માંગવા કે મેળવવા હકકદાર ન હોઈ સદર રેફરન્સ ખર્ચ સહિત રદ્દ થવાને પાત્ર છે.

## <u>કાર્યવાહીના પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ</u> :–

(૭) અરજદાર તરફે તેમનાં માંગણા નિવેદનનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| અરજદાર તરફે મૌખિક પુરાવો :– | | |
|---|---|---|
| ક્રમ | આંક | મૌખિક પુરાવો :– |
| (૧) | આંક–૧૧ | અરજદાર શ્રી દલસંગભાઈ દેવાભાઈ ભુતડીયાનું લેખિત સરતપાસનું સોગંદનામું. |
| અરજદાર તરફે દસ્તાવેજી પુરાવાઓ :– | | |
| ક્રમ | આંક/ નિ. | દસ્તાવેજોનું વર્ણન :– |
| (૧) | નિ.૧૦/૧ | અરજદારને સામાવાળા સંસ્થાએ આપેલ સને.૨૦૦૩–૦૪ થી સને.૨૦૦૪–૦૫ સુધીની પી.એફ.ની સ્લીપો. |
| (૨) | નિ.૧૦/૨ | અરજદારે બનાસ ઓઈલ પ્રોસેસીંગ પ્લાન્ટમાં મુળ ફરજ ઉપર હાજર કરવા લખેલ તા.૨૦/૦૨/૨૦૧૪ નો પત્ર. |

| | | |
|---|---|---|
| (૩) | નિ.૧૨/૧ | ધી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. પાલનપુરે લખેલ તા.૨૦/૧૦/૨૦૧૧ ના પત્રની ખરી નકલ. |
| (૪) | નિ.૫૧/૧ | અરજદારે બનાસ ઓઈલ પ્રોસેસીંગ પ્લાન્ટમાં તા.૨૦/૦૨/૨૦૧૪ ના રોજ કરેલ પત્રની ઝેરોક્ષ નકલ. |
| (૫) | નિ.૫૧/૨ | અરજદારે નિ.૫૧/૧ વાળો પત્ર કુરીયરથી મોકલેલ તેની ઝેરોક્ષ નકલ. |

આ કામે અરજદાર તરફે આંક–૫૨ થી કલોઝીંગ પુરસીશ રજુ કરી તેમનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

(૮) આ કામે સામાવાળા સંસ્થા તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તેમના બચાવના સમર્થનમાં રજુ કરેલ છે.

| સામાવાળા સંસ્થા તરફે મૌખિક પુરાવો :– | | |
|---|---|---|
| ક્રમ | આંક | મૌખિક પુરાવો :– |
| (૧) | આંક–૫૬ | સામાવાળા સંસ્થા ડેરી તરફે સાહેદ નરસિંહભાઈ લક્ષ્મણભાઈ ચૌધરી, જુનીયર આસિસ્ટન્ટનાઓનું લેખિત જુબાની સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું. |
| સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ દસ્તાવેજો. | | |
| ક્રમ | આંક/નિ. | દસ્તાવેજોનું વર્ણન :– |
| ૧. | નિ.૮/૧ | ધી બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સંઘ લીમીટેડે અરજદારની ૧૨ મહિના માટે આપેલ કોન્ટ્રાકચ્યુઅલ નિમણુંકપત્રની ઝેરોક્ષ નકલ. તા.૧૭–૦૭–૨૦૦૬ |
| ૨. | નિ.૮/૨ | ધી બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સંઘ લીમીટેડે અરજદારની તા.૧૬–૦૭–૨૦૦૭ થી તા.૩૧–૦૩–૨૦૦૮ થી આપેલ કોન્ટ્રાકચ્યુઅલ નિમણુંકપત્રની ઝેરોક્ષ નકલ. તા.૧૭–૦૭–૨૦૦૭. |
| ૩. | નિ.૮/૩ | ધી બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સંઘ લીમીટેડે અરજદારની તા.૦૫–૦૪–૨૦૦૮ થી તા.૩૧–૦૩–૨૦૦૯ થી આપેલ કોન્ટ્રાકચ્યુઅલ નિમણુંકપત્રની ઝેરોક્ષ નકલ. તા.૧૭–૦૫–૨૦૦૮. |
| ૪. | નિ.૮/૪ | ધી બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સંઘ લીમીટેડે અરજદારની તા.૦૪–૦૪–૨૦૦૯ થી તા.૦૩–૦૭–૨૦૦૯ થી આપેલ કોન્ટ્રાકચ્યુઅલ નિમણુંકપત્રની ઝેરોક્ષ નકલ. તા.૦૬–૦૪–૨૦૦૯. |
| ૫. | નિ.૮/૫ | ધી બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સંઘ લીમીટેડે અરજદારની તા.૦૬–૦૭–૨૦૦૯ થી તા.૩૧–૦૩–૨૦૧૦ થી આપેલ કોન્ટ્રાકચ્યુઅલ નિમણુંકપત્રની ઝેરોક્ષ નકલ. તા.૨૯–૦૭–૨૦૦૯. |
| ૬. | નિ.૮/૬ | ધી બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સંઘ લીમીટેડે અરજદારની તા.૦૩–૦૪–૨૦૧૦ થી તા.૩૧–૦૩–૨૦૧૧ થી આપેલ કોન્ટ્રાકચ્યુઅલ નિમણુંકપત્રની ઝેરોક્ષ નકલ. તા.૨૭–૦૪–૨૦૧૦. |

| | | |
|---|---|---|
| ૭. | નિ.૮/૭ | ધી બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સંઘ લીમીટેડે અરજદારની તા.૦૬–૦૪–૨૦૧૧ થી તા.૩૧–૦૩–૨૦૧૨ થી આપેલ કોન્ટ્રાકચ્યુઅલ નિમણુંકપત્રની ઝેરોક્ષ નકલ. તા.૦૮–૦૪–૨૦૧૧. |
| ૮. | નિ.૮/૮ | ધી બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સંઘ લીમીટેડે અરજદારની તા.૦૯–૦૪–૨૦૧૨ થી તા.૩૧–૦૩–૨૦૧૩ થી આપેલ કોન્ટ્રાકચ્યુઅલ નિમણુંકપત્રની ઝેરોક્ષ નકલ. તા.૦૩–૦૪–૨૦૧૨. |
| ૯ થી ૪૬ | <u>આંક–૧૩</u> થી <u>આંક–૫૦</u> | સામાવાળા સંસ્થા ડેરી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લીમીટેડનું માહે. ડિસેમ્બર–૨૦૦૯/જાન્યુઆરી–૨૦૧૦ થી લઈ દરમાસના માહે. માર્ચ–૨૦૧૩ થી માહે.એપ્રિલ–૨૦૧૩ સુધીના કોન્ટ્રાકચ્યુઅલ એમ્પ્લોઈઝના મસ્ટરરોલના પાનાની ખરી નકલ. (કુલ ૩૮ દસ્તાવેજો દર માસના અલગ અલગ રજુ કરેલ છે. પુનરાવર્તનનો દોષ ટાળવા સારૂ સંયુકત રીતે લખેલ છે.) |
| ૪૭ | આંક–૫૯ | લેખીત દલીલો. (આ સાથેના રેફરન્સ કેસ નં. એલ.સી.પી. નં.૨૮/૨૦૧૪ ના કામે રજુ કરવામાં આવેલ લેખીત દલીલોને આ કામે ગણવા માટેની પુરસીસ) |

સામાવાળા સંસ્થા તરફે આંક–૫૮ થી પુરાવો પુરો થયાની પુરસીશ રજુ કરી તેમનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

(૯) આ કામના અરજદાર શ્રમયોગી તરફે રજુ થયેલ માંગણા નિવેદન તથા મૌખિક પુરાવો, સામાવાળાનો જવાબ તથા સામાવાળાના સાહેદની મૌખિક જુબાની, તેમજ બન્ને પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો ઘ્યાને લેતા, હાલના રેફરન્સ કેસની અનુસૂચી મુજબનો ન્યાય નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

**<u>– : : મુદ્દાઓ : : –</u>**

(૧) શું અરજદાર શ્રમયોગી શ્રી દલસંગભાઈ દેવાભાઈ ભુતેડિયા પુરવાર કરે છે કે, તેઓને સામાવાળા સંસ્થાએ તા.૦૧–૦૪–૨૦૧૩ના રોજ છુટા કર્યાનું પગલું ગેરકાયદેસર હોય, તેઓ છુટા કર્યા તારીખથી પડેલા દિવસોના પગાર તેમજ અન્ય લાભો સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર છે ?

(૨) શું હુકમ ?

(૧૦) આ કામે ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

**– : : નિર્ણયો : : –**

(૧) ''નકારમાં''.

(૨) ''આખરી હુકમ મુજબ''.

ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

**– : : નિર્ણય અંગેનાં કારણો : : –**

**મુદ્દા નં.૧ અને ર ની સયુકત ચર્ચા :–**

આ મુદ્દાઓ પરત્વે લેવામાં આવેલ નિર્ણય અંગેની ચર્ચા કરતાં પહેલા કાર્યવાહીના પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલોનો અત્રે ઉલ્લેખ કરવામાં આવેલો છે.

**અરજદારપક્ષની દલીલો :–**

(૧૧) અરજદારના પ્રતિનિધિ દ્વારા હાલના આ રેફરન્સ પરત્વે દલીલો કરતાં જણાવેલ છે કે, સામાવાળા સંસ્થા તરીકે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ હતાં. પરંતુ તે સંસ્થાનું તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ સાથે એમ.ઓ.યુ. કરીને મર્જર થયેલ હતું. આમ, તે રીતે બે સંસ્થા મર્જ થયેલ. બનાસકાંઠા જીલ્લા દૂધ ઉત્પાદક સંઘે, બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘના કર્મચારીઓને તેઓની સંસ્થામાં આ મર્જરના કારણે સ્વીકારેલ હતાં અને તેઓએ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘની દિવાની તથા ફોજદારી જવાબદારી પણ સ્વીકારેલ છે. સદરહુ હકિકત સામાવાળા સંસ્થાના જવાબમાં પણ જણાવવામાં આવેલી છે. તેઓએ તેમના આંક–૭ વાળા વાંધા જવાબમાં સ્પષ્ટરીતે લખેલ છે કે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘનું તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ અમો સામાવાળા બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડમાં મર્જર થઈ ગયેલ અને તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘમાં જે મસ્ટર રોલના કર્મચારીઓ હોય તેઓને સામાવાળા સંસ્થા ડેરીમાં સમાવી લેવાના હતાં. સંસ્થાના મર્જર અંગે જે નોટીફિકેશન બહાર પડેલ તે અનુસાર બનાસ તેલીબીયા સંઘના સ્ટાફ કર્મચારીઓના બાકી લેણા, મજુર અદાલતના ચુકાદાઓ અને અન્ય નોકરીયાતોના પ્રશ્ન અંગે કોર્ટના જે હુકમો થાય કે ભવિષ્યમાં થાય તે તમામની જવાબદારી જીલ્લા દૂધ સંઘની

હોવાનું શરત નં.પ માં જણાવેલ છે. જયારે ટર્મીનેશન થયું ત્યારે દૂધ ઉત્પાદક સંઘ લી. ન હતું પણ તેલીબીયા ઉત્પાદક સંઘ હતું, પરંતુ મર્જરની શરતો અનુસાર તેલીબીયા સંઘના કર્મચારીઓની સાથે મર્જર થયેલ હોય, તે સંજોગોમાં એમ.ઓ.યુ. બાદની પરિસ્થિતિએ સામાવાળા સંસ્થા હવે માલીક તરીકે હોય અરજદારે યોગ્ય રીતે પક્ષકારને જોડેલા છે. અરજદારને કોઈ બનાવના કારણે છુટા કરેલ નથી. અરજદારને કોઈપણ જાતની નોટીસ કે વળતર ચુકવ્યા વગર લેખીત છુટા કર્યાના હુકમ વગર મૌખીક હુકમથી છુટા કરી દીધેલા છે.

(૧૧.૧) વધુમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારે કરેલ કામગીરી રેકર્ડ આધારીત છે. તેઓએ દર વર્ષે ૨૪૦ દિવસની કામગીરી કરેલ છે. સામાવાળા સંસ્થાએ અરજદારની હાજરી અંગેનું જે રેકર્ડ રજુ કરેલ છે તે અનુસાર અરજદારની કામગીરી ૨૪૦ દિવસની થઈ જાય છે. અરજદારે ૨૪૦ દિવસ કામગીરી કરેલ નહિં હોવાની હકિકત સામાવાળાએ પુરવાર કરવી પડે જે તેઓએ પુરવાર કરેલ નથી. આમ, અરજદારની કામગીરી સતત અને સળંગ છે. અરજદારની કોન્ટ્રાકચ્યુઅલ નિમણુંક હોય તેને છુટા કરતી વખતે કોઈ પ્રક્રિયા અનુસરવાની નહિં હોવાનું કે તેઓને છટણી વળતર ચુકવવાની જરૂર નથી એવું કયાંય લખેલ નથી અને તે અનુસારનો સામાવાળાનો બચાવ પણ નથી. ખરી રીતે આવા કોન્ટ્રાકચ્યુઅલ એપોઈન્ટમેન્ટ આપી શકાય કે કેમ? તથા આ મુજબ એપોઈન્ટમેન્ટ આપી હોય તો તે વેલીડ ગણાય કે કેમ ? તે સવાલ રહેલો છે. અરજદાર જે જગ્યા ઉપર કામ કરતાં હતાં તે જગ્યા કાયમી હતી. જે કરારથી નિયુકતી આપવામાં આવેલ તે કરાર ઓફિસ વર્કને લગત છે, જયારે કામગીરી કાયમી છે. સામાવાળાએ ખોટી રીતે લાભ લેવાનો પ્રયત્ન કરેલો છે. વધુમાં કોન્ટ્રાકટ એબોલેશન એકટ અનુસાર જયાં કાયમી પ્રકારની કામગીરી હોય ત્યાં કોન્ટ્રાકટ આપી શકાતો નથી. કામદારને મજુર કાયદાનો લાભ ન મળે તે માટે કરાર કરવામાં આવે તો અને કામગીરી કાયમી પ્રકારની હોય તો તે લોક હિત વિરૂઘ્ધની પોલીસી ગણાય. ઔદ્યોગીક તકરાર અધિનિયમમાં જે છટણી અંગેની જે જોગવાઈ જણાવવામાં આવેલ છે તે અનુસાર અરજદારની નોકરીની સમાપ્તી છટણી ન ગણી શકાય તે માટે સંસ્થાએ અરજદાર સાથે કરાર કરી તે કરાર અન્વયે છુટા કરવામાં આવેલ છે. અરજદારની લાંબા સમયની કામગીરી અનુસાર દસ વર્ષ સુધીના કોન્ટ્રાકટ ઉપરની કામગીરી ગણી ન શકાય. કામદારના કાયદેસરના હકકોનો કરારના આધારે ભંગ થાય. જો અરજદારની નિયુકતી કરાર આધારીત ન હોત તો બનાસ ડેરીએ અરજદારને અપનાવી લીધા હોત.

(૧૧.૨) અરજદારપક્ષના નિ.૧૨/૧ વાળા દસ્તાવેજની હકિકત અનુસાર તે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. નો રજીસ્ટ્રાર સાહેબ સહકારી મંડળીને તા.૨૦/૧૦/૨૦૧૧ ના રોજનો પત્ર છે અને તે દસ્તાવેજ સાથે રજુ કરેલ પાના નં.૩ તે સ્પેશ્યલ ઓડિટર સહકારી મંડળીનો પત્ર છે અને તેમાં અરજદારની હંગામી તરીકેની નોકરી ચાલુ હતી તે હકિકત સ્વીકારેલ છે. આ ઉપરાંત અરજદારની સર્વીસ ટર્મીનેટ કરવાનું કેમ નકકી કર્યુ તે કયાંય આવતું નથી. મર્જરની કાર્યવાહી તે બાદ થયેલ છે. અરજદારે સળંગ કામગીરી કરેલ છે. અરજદારને કરારના બહાને આર્ટીફિશીયલ બ્રેક આપવામાં આવેલ છે અને આ બ્રેકમાં પણ અરજદારે કામ કરેલું છે. સામવાાળા સંસ્થા તરફે કરાર આધારીત કામગીરી કરાવવાનો હેતુ અરજદારના હકકોને નુકશાન પહોચાડવાનો હોય તે મજૂર કાયદાના ભંગ સમાન છે અને તે મુજબનો હેતુ સાબીત થતો હોય તે મુજબ સામાવાળા સંસ્થાએ અનફેર લેબર પ્રેકટીસ આચરેલ છે. આ ઉપરાંત કાયમી કામ માટે ચોકકસ સમયની નિયુકતી આપી શકાય નહિં તે સંજોગોમાં તેઓને આપવામાં આવેલ નિયુકતીની હીકકત ધ્યાને લેવાની ના રહે. અરજદારની કામગીરી ઉપર સંસ્થાના સુપરવાઈઝર દેખરેખ રાખતાં હોય, અરજદાર સંસ્થાના મેનેજમેન્ટના હાથ નીચે કામ કરતાં હતાં. અરજદારને છુટા કરવાનું કોઈ કારણ સામાવાળાના જવાબ તથા તેઓની જુબાનીમાં આવતું નથી. સામાવાળા સંસ્થામાં કામની જરૂરીયાત પુરી થયાનું પણ કયાંય પ્લીડિંગ નથી. આમ, હાલના આ રેફરન્સની હકિકત અનુસાર આ કામના અરજદાર સામાવાળા સંસ્થામાં પડેલા દિવસોના પગાર સાથે તેઓની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર બનેલ હોય, આ રેફરન્સને મંજુર કરવા વિનંતી કરેલ છે.

**<u>સામાવાળા સંસ્થા તરફે દલીલો :-</u>**

(૧૨) સામાવાળા સંસ્થા તરફે આંક-૫૯ થી પુરસીસ રજુ કરી આ રેફરન્સ કેસ સાથે ચાલતા રેફરન્સ એલ.સી.પી. કેસ નં.૨૮/૨૦૧૪ ના કામે તેઓએ લેખીત દલીલો તથા તેઓ જે ચુકાદા ઉપર આધાર રાખે છે તેને રજુ કરવામાં આવેલ છે, સદર કેસમાં રજુ કરેલ માંગણા નિવેદન તથા ડેરી તરફેનો જવાબ ફકત વ્યકિતગત વિગતોની હકિકતો સિવાય બાકીની રજુઆતો/હકિકતો એકસરખી હોઈ સામાવાળા સંસ્થા ડેરી તરફે રેફરન્સ એલ.સી.પી. નં.૨૮/૨૦૧૪ માં રજુ કરેલ દલીલ તેમજ તેને આધારે રજુ કરેલ ચુકાદાઓને આ કામમાં દલીલ તરીકે ગણવા માટે વિનંતી કરેલી છે. જે અનુસાર આ લેખીત દલીલોનો અત્રે ઉલ્લેખ કરવામાં આવેલ છે. સામાવાળા

સંસ્થાએ તેઓની લેખીત દલીલોમાં તેઓ જણાવે છે કે, અરજદારે તા.૨૮/૦૩/૨૦૧૪ ના રોજ મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી સમક્ષ ફરીયાદ દાખલ કરેલ છે. તેમાં તેઓએ વિવાદ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘ સામે ઉપસ્થિત કરેલ છે અને તે ફરીયાદના આધારે મદદનીશ શ્રમ આયુકતશ્રીએ ટર્મ્સ ઓફ રેફરન્સ અત્રેની અદાલતને રીફર કરેલ છે એટલે કે, અરજદારે ઉપસ્થિત કરેલ વિવાદનો ટર્મ્સ ઓફ રેફરન્સ જોવામાં આવે તો તેઓને બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘ સામે જ ટર્મ્સ ઓફ રેફરન્સ થયેલ છે તો તે સંજોગોમાં અરજદારનો સદરહુ રેફરન્સ કેસ અમો સામાવાળા સંસ્થા ડેરી સામે કાયદેસર રીતે ચાલી શકે તેમ ના હોઈ આ જ દલીલ ઉપર રદ્દ થવાને પાત્ર છે. અરજદારે આ અદાલત સમક્ષ માંગણાનું નિવેદન જે રજુ કરેલું છે તેમાં તેઓએ સામાવાળા સંસ્થા તરીકે બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ (બનાસ ડેરી) સામે માંગણાનું નિવેદન રજુ કરેલ છે અને બનાસ ડેરી સામે તેઓએ દાદ માંગેલ છે. પરંતુ અરજદાર દ્વારા તેઓની મુળ ફરીયાદમાં અમો સામાવાળા સંસ્થા બનાસ ડેરી સામે કોઈ વિવાદ જ ઉપસ્થિત કરેલ નથી કે તેઓએ મુળ ફરીયાદમાં બનાસ ડેરીને પક્ષકાર તરીકે જોડવા માટેની કોઈ કાર્યવાહી કરેલ નથી તો તે સંજોગોમાં અરજદારનો આ રેફરન્સ અમો સામાવાળા સંસ્થા બનાસ ડેરી સામે કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ આ જ દલીલ ઉપર રદ્દ થવાને પાત્ર છે. અરજદારે કોર્ટ સમક્ષ માંગણા નિવેદન રજુ કરેલ છે તેમાં તેઓએ સામાવાળા સંસ્થા તરીકે બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ (બનાસ ડેરી) સામે માંગણાનું નિવેદન રજુ કરેલ છે અને બનાસ ડેરી સામે તેઓએ દાદ માંગેલ છે. પરંતુ અરજદાર દ્વારા તેઓની મૂળ ફરીયાદમાં અમો સામાવાળા સંસ્થા બનાસ ડેરી સામે કોઈ વિવાદ જ ઉપસ્થિત કરેલ નથી કે મૂળ ફરીયાદમાં બનાસ ડેરીને પક્ષકાર તરીકે જોડવા માટેની કોઈ કાર્યવાહી કરેલ નથી. તો તે સંજોગોમાં અરજદારનો સદરહુ રેફરન્સ અમો સામાવાળા બનાસ ડેરી સામે કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી.

**(૧૨.૧)** વધુમાં તેઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર દ્વારા આજદિન સુધી સામાવાળા સંસ્થા ડેરી સામે કોઈપણ પ્રકારની દાદ માંગવામાં આવેલ નથી. તે અંગે અરજદારે તેઓની ઉલટ તપાસમાં પણ સ્પષ્ટપણે કબૂલ રાખેલ છે કે તેઓએ પ્રથમ વિવાદ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘ સામે કરેલો. એ વાત ખરી

છે કે તેમણે જે કામગીરી કરી તે તેલીબીયા ઉત્પાદન સંઘમાં જ કરેલી. આમ, અરજદાર સામાવાળા સંસ્થા ડેરી સામે કાયદેસર રીતે કોઈપણ પ્રકારની દાદ મેળવવા માટે હકકદાર બનતાં નથી. બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘ તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ અમો સામાવાળા સંસ્થા ડેરીમાં મર્જ થઈ ગયેલ છે. તો તે સંજોગોમાં બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘનું હાલમાં કોઈ કાયદાકીય અસ્તીત્વ રહેતું નથી. તો તે સંજોગોમાં બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘ સામે હાલના તબકકે કોઈ હુકમ થઈ શકે તેમ ના હોઈ અરજદાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘ સામે માંગેલ કોઈપણ દાદ મેળવવા માટે હકકદાર બનતાં નથી. તેઓએ તેમની દલીલના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો ૨૦૧૧ (૩) (૫૨) જી.એલ.આર. પાના નં.૨૩૬૦ ઉપર પ્રસિધ્ધ થયેલ ઈન્સ્ટીટયુટ ઓફ રૂલર મેનેજમેન્ટ વિ. એન.ડિ.ડિ.બી.એમ્પ્લોઈઝ યુનિયન થ્રુ સેક્રેટરી અને બીજાઓના ચુકાદા ઉપર આધાર રાખી દલીલ કરેલ છે કે, " Sec.10 (1) (d) - " Labour Court having derived its jurisdiction from terms of reference was bound to act within four corners of reference" " It could not enlarge the scope of reference." આ ઉપરાંત તેઓએ જણાવેલ છે કે, અરજદારે મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીમાં તા.૨૮/૦૩/૨૦૧૪ ના રોજની ફરીયાદ દાખલ કરેલ છે, તે ફરીયાદના ''કોલમ નં.૧૪ માં છૂટા કર્યા તા.૦૧/૦૪/૨૦૧૩ થી મૌખીક હુકમથી'' જણાવેલ છે. એટલે કે અરજદારને છૂટા કર્યા તે અગાઉ તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ ફરીયાદ કરેલ છે એટલે કે અરજદારનો આ રેફરન્સ કેસ 'પ્રિમેચ્યોર' છે.

**(૧૨.૨)** આ ઉપરાંત તેઓએ દલીલ કરેલ છે કે, તેઓને મળેલ માહિતી મુજબ અરજદારે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘમાં છેલ્લે તા.૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ સુધી ચોકકસ સમય માટે નિમણુંક કરવામાં આવેલ હતી અને ત્યારપછી આ કામના અરજદારે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘમાં કામ કરેલ ન હતું. બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘનું તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ સામાવાળા સંસ્થા બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ લિમીટેડમાં મર્જ થયેલ હતું અને જે તે સમયે અરજદાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘના મસ્ટર રોલ ઉપરના કર્મચારી ન હતાં, તેથી પણ અરજદાર

અમો સામાવાળા સંસ્થા ડેરી સામે કોઈપણ પ્રકારની દાદ મેળવવા માટે હકકદાર બનતાં નથી કારણ કે, બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘનો સામાવાળા સંસ્થા ડેરીમાં મર્જ થયેલ તે અગાઉ અરજદારની નોકરીનો અંત આવી ગયેલ હોઈ તે સંજોગોમાં પણ અરજદારનો રેફરન્સ કેસ સામાવાળા સંસ્થા ડેરી સામે કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી. અરજદાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘમાં છેલ્લે કામચલાઉ એકાઉન્ટ આસીસ્ટન્ટના હોદ્ધા ઉપર કામગીરી કરતાં હતાં અને તેઓની નિમણુંક તા.૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ સુધીની ચોકકસ સમય માટે આપવામાં આવેલ હતી અને તેઓની નિમણુંકનો સમય પુરો થતાં તેઓની નોકરીનો આપોઆપ અંત આવી ગયેલ હતો. તે સંજોગોમાં પણ અરજદારને અગાઉથી તેઓની નિમણુંકના સમયગાળા અંગેની માહિતી હતી. તેથી પણ અરજદાર અમો સામાવાળા ડેરી સામે કોઈપણ પ્રકારની દાદ મેળવવા માટે હકકદાર બનતાં નથી.

**(૧૨.૩)** આ ઉપરાંત તેઓએ જણાવેલ છે કે સામાવાળા સંસ્થા ડેરી તરફે આંક–૮ થી અરજદારને અલગ–અલગ સમય માટે આપવામાં આવેલ નિમણુંક પત્રો છે. જે દસ્તાવેજો અરજદાર દ્ધારા તેઓની ઉલટ તપાસમાં પણ સ્પષ્ટપણે કબુલ રાખેલ છે કે, નિશાની ૮/૧ થી નિ.૮/૮ વાળા દસ્તાવેજોમાં તેઓની સહિઓ છે. આ દસ્તાવેજોમાં અરજદારે તેઓની નિમણુંકનો સમયગાળો પણ દર્શાવવામાં આવેલ છે અને અરજદારને અગાઉથી તેઓની નિમણુંકની અંત આવ્યા તારીખની માહિતી છે. તો તે સંજોગોમાં અરજદારનો આ રેફરન્સ કેસ અમો સામાવાળા સંસ્થા ડેરી સામે કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી. અરજદાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘમાં કામચલાઉ એકાઉન્ટ આસીસ્ટન્ટ તરીકે કામગીરી કરતાં હતાં અને તેઓની કામની જરૂરીયાત મુજબ ચોકકસ સમય માટે નિમણુંક કરવામાં આવતી હતી અને જે તે સમયે અરજદાર દ્ધારા નોકરી મેળવવા માટે અરજી કરવામાં આવતી હતી તે તમામ હકિકતો પરત્વે અરજદારની ઉલટ તપાસ થયેલ છે. અરજદારે તેઓની ઉલટ તપાસમાં નિ.૮/૧ થી નિ.૮/૮ વાળા દસ્તાવેજોમાં અરજદારે તેઓની સહિ હોવાનું જણાવેલ હોય તે અનુસાર અરજદારની નિમણુંક ચોકકસ સમય માટે, ચોકકસ કામગીરી કરવા માટે કરવામાં આવતી હોય, અરજદારનો ઔધોગીક વિવાદ ધારાની કલમ–૨ (ઓઓ) (બીબી) માં સમાવેશ થતો હોઈ અરજદારનો રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી. તેમની દલીલના સમર્થનમાં

તેઓએ 2018 LLR 366 (Supreme Court of India) Yogesh Mahajan Vs. Prof. R.C.Deka, Director, All India Institute of Medical Science. - Held, Contract employee has no legal right either to get his/her contractual period renewed / extended or to regularize his service - Event of 2010 cannot be related to the events in 2016 in the absence of sufficient supporting documents - Hence, petition stands dismissed., Contract employee has no legal right either to get his / her contractual period renewed / extended or to get regularized his services. Non-renewal of service contract of contractual employee cannot be stated to be an arbitrary decision by the management.

- 2007 Law Suit (SC) Page No.130 (Supreme Court of India); Punjab State Electricity Board Vs. Sudesh Kumar Puri. - Held, on the contrary, it appears from the material palced on record that there was an agreement governing engagement. The payment was made per meter reading at a fixed tate ant there was no regular employment ever offered to any of the respondents. The provisions of Section 2(oo)(bb) of the Act clearly applies to the facts of the present case. - "the material on record clearly established that the engagement of the respondent was for specific period and conditional. It appears that on the appointment of regular meter readers, the engagement has dispensed with. The contracts clearly governed the terms of engagement.

- 1994 (1) CLR Page No.544, (Supreme Court of India) M.Venugopal vs. Life Insurance Corporation of India, Machilipatnam, A.P. & Anr. - Held, that the termination of the service if the appellant was as a result of the contract of employment having been terminated under the stipulations specifically provided under Regulation 14 of L.I.C.Staff Regulations, 1960 and the order of appointment of the appellant, that as such the termination is covered by clause (bb) of S.(oo) and as such the termination does not amount to retrenchment.

- 2014 (3) Gujarat Law Reporter Vol. No. 55 (3), G.E.B. Substituted As Gujarat State Electricity Corporation vs. Harishkumar N. Bosamiya. - Industrial Disputes Act, 1947 (14 of 1947) - Secs. 2(oo) (bb) & 25 F- Workman appointed for a fixed period and continued in service by successive order of fixed period - Held, discontinuation of workman on expiry of contract period not a retrenchment - Such case stands covered under Sec.2(oo) (bb) of the Act - Completion of 240 days of service by workman

irrelevant in such case - Award of reinstatement by Labour Court set aside.

(૧૨.૪) આ ઉપરાંત અરજદારની રજુઆત અનુસાર તેઓએ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘમાં તેઓએ કાયમી પ્રકારની કામગીરી કરેલ છે તેમ જણાવેલ છે. પરંતુ હકિકતમાં અરજદાર તે હકિકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. અરજદારે તેઓની ઉલટ તપાસમાં પણ સ્પષ્ટપણે સ્વીકારે છે કે તેઓની દર વર્ષે નોકરી બાબતે અરજી લેવામાં આવતી હતી અને કામની જરૂરીયાત મુજબ તેઓને કામ આપવામાં આવતું હતું તો તે સંજોગોમાં અરજદાર તેમનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે.

- 2011 (1) LLJ Page No.251; (Supreme Court of India), Amar Chakravarty and Others vs. Maruti Suzuki India Ltd. Held - The buden of proving a fact was on the party affirming its existance and not on the party denying it.

આ ઉપરાંત તેઓએ જણાવેલ છે કે, અરજદારના કુટુંબમાં ચાર સભ્યોનો સમાવેશ થતો હોવાનું, એ વાત ખરી છે કે મારા કુટુંબના ચાર સભ્યોનું ભરણપોષણ કરવાની જવાબદારી તેઓ ઉપર હોવાનું, ભરણપોષણ પેટે રૂા.૫,૦૦૦/- થી રૂા.૭,૦૦૦/- ની જરૂર પડતી હોવાનું, એ વાત ખરી છે કે આ પાંચ સાત હજાર રૂપિયા તેઓ ખેતીવાડી કરીને કમાઈએ છીએ અને સ્વૈચ્છાએ તેમની પત્ની પશુપાલન કરતી હોવાનું અરજદારની ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ હોય તે જોતાં અરજદાર ખેતીવાડી અને પશુપાલન કરી તેઓનું ગુજરાન ચલાવી રહેલ હોય, અરજદારને નોકરી કરવામાં કોઈ રસ નથી તેમજ તેઓ દર મહિને તેઓની જરૂરીયાત મુજબ કમાણી કરી તેઓનું પુરૂ કરી દેતા હોય અરજદાર પડેલા દિવસોનો કોઈપણ જાતનો પગાર મેળવવા માટે હકકદાર બનતાં નથી અને અરજદાર જો સદર સમય દરમ્યાન બેકાર રહ્યા છે તેવું પુરવાર કરવાની જવાબદારી તેઓના શીરે રહે છે. પરંતુ અરજદારની જુબાની જોવામાં આવે તો તેઓ સદર સમય દરમ્યાન તેઓએ કમાણી કરેલ છે તેમજ તેઓ દ્વારા અન્ય જગ્યાએ નોકરી મેળવવા માટે પ્રયત્ન કરેલ નથી તેવું સ્પષ્ટપણે પુરવાર થાય છે. અરજદાર દ્વારા તેઓના માંગણા નિવેદનમાં તેઓ બેકાર રહ્યા હોય તેવું કોઈ પ્લીડિંગ લીધેલ નથી. તેથી પણ અરજદાર પડેલા દિવસોનો પગાર મેળવવા માટે હકકદાર બનતાં નથી.

- 2007 LLR Page No.340. (Supreme Court of India); North East Karnataka Road Transport Corporation vs. M. Nagangouda. - Held - "Gainful employment" would also include self employment wherefrom Income is generated. - Income either from

employment merely differentiates the source from which income is generated the end use being the same- The respondent was earning some amount from his agricultural pursuits to maintain himself - The Labour Court was not justified in holding that merely because the respondent was receiving agricultural income, he could not be treated to be engage in "Gainful employment."

- 2007 (1) GLR Page No.45; Jindarsing Bahra & Anr. vs. Cargo Motors Ltd; Sec.11A- Evidence Act, 1872 (I of 1872) - Sec.114 - Reinstatement - Grant of back wages is not automatic- Labour Court has to independently decide the issue of back wages on the basis of evidence led by the workmen - In absence of any such evidence from workmen, Court cannot grant back wages. આમ, અમો સામાવાળા સંસ્થા ડેરીની સામે હાલનો આ રેફરન્સ ચાલી શકે તેમ ન હોઈ તે રદ્દ થવાને પાત્ર છે. આમ, ઉપરોકત મુજબની દલીલો કરેલ છે.

(૧૩) સદરહુ કામની રેકર્ડ આધારીત હકિકતોને ઘ્યાને લેતાં, આ કામના અરજદાર અને સામાવાળા સંસ્થા વચ્ચે કર્મચારી અને માલીક તરીકેનો સંબંધ નહિં હોવા અંગેની તકરાર ઉપસ્થિત થયેલ છે. અરજદારે બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (બનાસ ડેરી) ને સામાવાળા સંસ્થા માલીક તરીકે જોડી તેઓએ મૌખીક હુકમથી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલાની હકિકત જણાવી સામાવાળા સંસ્થા સામે હાલનો આ રેફરન્સ દાખલ કરી, નોકરીમાં પડેલા દિવસો સાથે પુન:સ્થાપિત કરવાની દાદ માંગેલ છે. જે પરત્વે સામાવાળા સંસ્થા તરફે અરજદારે ઉપસ્થિત કરેલ વિવાદ પરત્વે વાંધો લઈ, અરજદાર તેમની સંસ્થાના કામદાર કે કર્મચારી ન હોઈ, હાલના આ રેફરન્સમાં માંગેલ દાદ માંગવા માટે હકકદાર ન હોઈ, હાલનો આ રેફરન્સ રદ્દ કરવા વિનંતી કરેલ છે. આમ, ઉપરોકત જણાવ્યા અનુસારની તકરાર કાર્યવાહીના પક્ષકારો વચ્ચે રહેવા પામેલ છે. કાર્યવાહીના પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ તકરાર પરત્વે અત્રેથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓ એકબીજાને સંલગ્ન હોય રેકર્ડ પરની હકિકતો તથા કારણોનું પુનરાવર્તન ન થાય અને તેનો દોષ ટાળવા સારૂ આ મુદ્દાઓ પરત્વે લેવામાં આવેલ નિર્ણયની સંયુકત ચર્ચા કરવી યોગ્ય અને ન્યાયીક જણાતાં આ બન્ને મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે. આ કાર્યવાહીના પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ તકરારનો ન્યાયીક નિર્ણય કરતાં પહેલા તેઓ તરફે રજુ કરવામાં

આવેલ પુરાવાની સમીક્ષા કરવી જરૂરી જણાય આવતી હોય, તેનો ઉલ્લેખ સૌપ્રથમ કરવામાં આવેલ છે.

**<u>અરજદાર તરફે મૌખિક પુરાવો</u> :–**

(૧૪) આ કામના અરજદાર શ્રમયોગી દ્વારા તેમના કેસની હકિકત પુરવાર કરવા માટે આંક–૧૧ થી લેખીત સ્વરૂપની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે, જેની હકિકત ધ્યાને લેતાં, સત્ય હકિકતો રેકર્ડ ઉપર આવે તે જરૂરી હોય તેનો અત્રે ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ સોગંદનામામાં અરજદારે જણાવેલ છે કે તેઓ હાલની સામાવાળા સંસ્થાના અગાઉ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સંઘ લિ. મુ. બાદરપુરા, તા.પાલનપુરનાં તાબા હેઠળના બનાસ ઓઈલ પ્રોસેસીંગ પ્લાન્ટમાં એકાઉન્ટ વિભાગમાં કેશીયર કમ એકાઉન્ટન્ટ તરીકે તા.૧૯/૧૦/૨૦૦૩ થી નિષ્ઠા, પ્રામાણિકપણે નોકરી કરતાં હતાં. અમોને માસીક પગાર રૂા.૬,૩૦૦/– છુટા કર્યા ત્યારે આપતાં હતાં. અરજદારનો નોકરીનો સમય સવારે ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધીનો હતો. સામાવાળા સંસ્થા અમોને માસીક પગાર ચુકવતી હતી જે નિયમ મુજબ આપતી ન હતી અને તે લઘુતમ વેતનધારા પ્રમાણે ન હતો. અરજદારનો પી.એફ. ૨૦૦૩ થી નિયમીત દર માસે કપાત કરવામાં આવતો હતો અને તે અંગેની અરજદારે આંક–૧૦ થી ૨૦૦૩/૦૪ થી ૨૦૦૪/૦૫ સુધીની પી.એફ. ની સ્લીપો તથા સંસ્થાના પત્રો આ કામે રજે કરેલ છે. તે અનુસાર પણ અરજદારે દરેક વર્ષમાં ર૪૦ દિવસ કરતાં પણ વધારે કામગીરી કરેલ છે. જે પી.એફ.કપાત ઉપરથી જાણી શકાય છે. અરજદારે સામાવાળા સંસ્થામાં નવ વર્ષ અને છ માસથી સળંગ અને સતત નિષ્ઠાપુર્વક ફરજો બજાવેલ છે અને દરેક વર્ષમાં ર૪૦ દિવસ કરતાં વધારે કામગીરી કરેલ છે. જે પી.એફ. કપાત ઉપરથી જાણી શકાય છે. અરજદારે સામાવાળા સંસ્થામાં નવ વર્ષ અને છ માસથી સળંગ અને સતત નિષ્ઠાપુર્વક ફરજો બજાવેલ છે અને દરેક વર્ષમાં બસો ચાલીસ દિવસો ઉપરાંતની કામગીરી કરેલ છે. તેમ છતાં પણ કોઈપણ જાતના કારણો વગર તેમજ કોઈપણ પ્રકારની કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર અમોને છુટા કરી દીધેલ છે. અરજદારને કોઈપણ જાતના વાંક ગુના વગર તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ મૌખીક હુકમથી એકાએક મનસ્વીપણે એકતરફી નિર્ણય લઈ નોકરીમાંથી છુટા કરી દીધેલ હતાં. અરજદારે નવ વર્ષ છ માસથી કાયમી પ્રકારની કાયમી કામગીરી કરેલ છે અને અરજદાર કાયમી હતાં. અરજદાર જે કામ કરતાં હતાં તે કામ હાલમાં પણ

ચાલુ છે અને તે જગ્યાએ અન્ય માણસો કામ કરે છે. અરજદારે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં પણ વધારે કામગીરી કરેલ છે તેમ છતાં પણ અરજદારને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ મનસ્વીપણે એકતરફી નિર્ણય લઈ એકાએક મૌખીક હુકમથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ છે. અરજદારને માત્ર મૌખીક હુકમથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરી દેતાં અગાઉ કોઈપણ જાતની કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર છુટા કરી દીધેલ છે. અમો અરજદારને છુટા કરતાં અગાઉ કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર કે અન્ય કોઈપણ જાતની રકમ પણ ચુકવી આપેલ નથી કે કોઈપણ જાતની કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર એક તરફી મનસ્વીપણે નિર્ણય લઈને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ છુટા કરી દીધેલા છે. અરજદારને છુટા કર્યા બાદ અરજદારે સંસ્થા હાલમાં બનાસકાંઠા જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ બનાસડેરી પાસે મૌખીક માંગણી કરેલ તેમ છતાંય નવીન માણસોને કામગીરી આપેલ છે. પરંતુ અમોને કામગીરી આપેલ નથી. હાલમાં અમો બેકાર છીએ અને અમારા બાપદાદાની ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર છીએ. અમોને સામાવાળા સંસ્થા નોકરીની સળંગતા સાથે ફરજ ઉપર હાજર કરે તો અમો ફરજ ઉપર જવા સંમત છીએ. અરજદારે માંગણા નિવેદનમાં જણાવેલ તે અમારી દાદ છે અને તે મેળવવા અરજદાર હકકદાર છે અને તેમાં અરજદારે સહિ કરેલ છે. આમ, ઉપરોકત મુજબની સરતપાસ રજુ કરવામાં આવેલ છે.

**(૧૪.૧)** અરજદારની ઉલટતપાસ સામાવાળા સંસ્થા વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ છે, તેની હકિકતોને ધ્યાને લેતાં, તેમાં અરજદારે જણાવેલ છે કે, તેઓ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા સંઘમાં કામ કરતા હતા. અરજદારને ચોકકસ સવાલ એવો પુછવામાં આવેલ છે કે તમે વિવાદ કઈ સંસ્થા સામે કરેલો છે ? તેના જવાબમાં જણાવેલ છે કે તેલેબીયા સંઘ સામે વિવાદ ઉભો કરેલો છે. અરજદારે એ હકિકતો સ્વીકૃત કરેલ છે કે તેઓએ સમગ્ર નોકરી બનાસકાંઠા તેલેબીયા સંઘમાં કરેલી છે તથા છેલ્લે તેઓ એકાઉન્ટ આસીસ્ટન્ટ તરીકે કામગીરી કરતાં હતાં.

અરજદારને નિ.૮/૧ વાળો દસ્તાવેજ બતાવીને પુછવામાં આવેલ છે કે આ તેમનો નિમણુંકપત્ર છે કે કેમ ? તેના જવાબમાં તેઓએ તે દસ્તાવેજ જોઈને જણાવેલ છે કે નિમણુંકપત્ર આપતા ન હતા.

અરજદારને નિ.૮/૧ વાળો દસ્તાવેજ બતાવી પુછવામાં આવેલ છે કે તેમાં કોની સહી છે ? તેના જવાબમાં તેઓએ આ દસ્તાવેજ જોઈને જણાવેલ છે કે તેમાં તેઓની સહી છે.

અરજદારને ચોકકસ સવાલ એવો પુછવામાં આવેલ છે કે તેઓ આ સહી સમજી વિચારીને કરતા હતા ? તેના જવાબમાં અરજદારે જણાવેલ છે કે તેઓની માત્ર સહિ કરાવતા હતા. અમોને પગાર વધારો આપતા તેમ સમજીને સહી કરતા.

અરજદારને નિ.૮/૨ થી નિ.૮/૮ સુધીના દસ્તાવેજો બતાવીને પુછવામાં આવેલ છે કે તે દસ્તાવેજોમાં તેઓની સહી છે કે કેમ ? તેના જવાબમાં અરજદારે આ દસ્તાવેજો જોઈને જણાવેલ છે કે તેમાં તેઓની સહી છે.

અરજદારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ જે સહીઓ કરી તે સહી તેઓની દર વર્ષે નિમણુંક થતી તેમાં કરેલ છે.

અરજદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે નિ.૮/૧ થી નિ.૮/૮ સુધીના દસ્તાવેજો તેઓએ કયાંય પડકારેલ નથી.

અરજદારને ચોકકસ સવાલ પુછવામાં આવેલ છે કે, તેઓએ છેલ્લે તેલેબીયા સંઘમાં કયાં સુધી નોકરી કરી ? તેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે માર્ચ–૨૦૧૩ સુધી કરી.

અરજદારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેમની નોકરીનો સમયગાળો પુરો થતાં તેમની નોકરીનો અંત આવેલો.

અરજદારે એ હકીકત સ્વીકૃત કરેલ છે કે તેઓએ કયારેય બનાસકાંઠા ડેરીમાં કામગીરી કરેલ નથી અને સ્વૈચ્છાએ જણાવે છે કે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા સંઘમાં નોકરી કરેલી છે.

અરજદારને એ વાતની ખબર નથી કે તેલીબીયા સંઘમાં તેઓની નોકરી કોન્ટ્રાકચ્યુલ નિમણુંક હતી કે કેમ.

અરજદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ તેલીબીયા સંઘમાં છેલ્લા વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલાનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી.

અરજદારના કુટુંબમાં ચાર સભ્યો છે. અરજદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે કુટુંબના ચારે સભ્યોના ભરણપોષણ કરવાની જવાબદારી તેમની પોતાની છે. તેમના કુટુંબના ચાર સભ્યોના ભરણપોષણ પેટે મહિને પાંચ સાત હજાર રૂપિયાની જરૂર પડે. અરજદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ પાંચ–સાત હજાર રૂપિયા તેઓ ખેતીવાડી કરીને કમાય છે અને સ્વૈચ્છાએ જણાવે છે કે તેઓની પત્ની પશુપાલન કરી તે રકમ મેળવે છે.

તેઓએ સને ૨૦૧૩ બાદ નોકરી મેળવવા માટે લેખિતમાં અરજી કરેલી છે.

અરજદારને ચોકકસ સવાલ પુછવામાં આવેલ છે કે તેઓએ કઈ સંસ્થામાં અરજી કરેલી છે અને તેની નકલ આ કામે રજુ કરશો ? તેના જવાબમાં જણાવેલ છે કે તેઓએ બનાસ ડેરીમાં અને જે તે સમયે તેલીબીયા સંઘમાં અરજી કરેલી છે.

અરજદારે વધુ ચોકકસ સવાલ પુછવામાં આવેલ છે કે તેઓએ બનાસડેરીમાં છેલ્લે કયારે અરજી કરેલી ? તેના જવાબમાં જણાવેલ છે કે સને ૨૦૧૪ માં અરજી કરેલી.

અરજદારે એ હકીકતનો સ્વીકાર કેરલ છે કે નિ.૮/૧ થી નિ.૮/૮ સુધીના દસ્તાવેજો મેળવવા માટે કોઈ અરજી કરેલ નથી. આમ, ઉપરોકત મુજબનો અરજદારનો મૌખીક પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે.

**<u>સામાવાળા પક્ષનો મૌખિક પુરાવો :–</u>**

**(૧૫)** અરજદારના પુરાવા પુર્ણ થયા બાદ સબબ કામ સામાવાળાના પુરાવા રજુ કરવાના તબકકા પર આવતાં સામાવાળાપક્ષે તેમના બચાવના સમર્થનમાં સાહેદ તરીકે સામાવાળા સંસ્થામાં કામ કરતાં શ્રી નરસિંહભાઈ લક્ષ્મણભાઈ ચૌધરીનું આંક–૫૬ થી લેખીત સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ સૌપ્રથમ બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સહકારી સંઘમાં તા.૦૧/૦૮/૧૯૯૨ ના રોજ જોડાયેલ હતા અને તેમાં તેઓ જુનિયર આસિસ્ટન્ટના હોદ્ધા ઉપર ફરજો બજાવતા હતા. ત્યારબાદ બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદક સહકારી સંઘનું તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ સામાવાળા સંસ્થા બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લીમીટેડમાં મર્જ થઈ ગયેલ હતુ અને ત્યારબાદ તેઓ સામાવાળા સંસ્થા ડેરીમાં વિસ્તરણ અધિકારીના હોદ્ધા ઉપર ફરજો બજાવી રહેલ છે. તેઓ અરજદારને ઓળખે છે. તેઓએ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘમાં સૌપ્રથમ નોકરી મેળવવા માટે અરજી કરેલ હતી. જેને આધારે અરજદારને તા.૧૭/૦૭/૨૦૦૬ ના રોજ ટેમ્પરરી આસીસ્ટન્ટના હોદ્ધા ઉપર ૧૨ માસ માટે કોન્ટ્રાકટચ્યુઅલ એપોઈન્ટમેન્ટ આપવામાં આવેલ હતી. જે આ કામના અરજદારે સહી કરી અને સ્વીકારેલ છે. જે દસ્તાવેજ આ કામમાં નિ.૮/૧ થી રજુ થયેલ છે. સદર નિમણુંકનો સમય પુરો થતાં તેઓની નોકરીનો આપોઆપ અંત આવેલ હતો.

ત્યારબાદ આ કામના અરજદારને તા.૧૭/૦૭/૨૦૦૭ ના રોજ ટેમ્પરરી કલેરીકલ

આસીસ્ટન્ટના હોદ્ધા ઉપર તા.૧૬/૦૭/૨૦૦૭ થી તા.૩૧/૦૮/૨૦૧૨ ના સમયગાળા માટે કોન્ટ્રાકટચ્યુઅલ એપોઈન્ટમેન્ટ આપવામાં આવેલ હતી. જે અરજદારે સહી કરી અને સ્વીકારેલ છે. જે દસ્તાવેજ નિ.૮/૨ થી રજુ થયેલ છે. સદર નિમણુંકનો સમય પુરો થતાં તેઓની નોકરીનો આપોઆપ અંત આવેલ હતો.

ત્યારબાદ અરજદારને તા.૧૭–૦૫–૨૦૦૮ ના રોજ ટેમ્પરરી કલેરીકલ આસિન્ટન્ટના હોદ્ધા ઉપર તા.૦૫/૦૪/૨૦૦૮ થી તા.૩૧–૦૩–૨૦૦૯ ના સમયગાળા માટે કોન્ટ્રાકટચ્યુઅલ એપોઈન્ટમેન્ટ આપવામાં આવેલ હતી. જે અરજદારે સહી કરી સ્વીકારેલ છે. જે દસ્તાવેજ નિ.૮/૩ થી રજુ થયેલ છે. સદર નિમણંકનો સમય પુરો થતા તેઓની નોકરીનો આપોઆપ અંત આવેલ હતો.

ત્યારબાદ અરજદારને તા.૦૬/૦૪/૨૦૦૯ ના રોજ ટેમ્પરરી કલેરીકલ આસિસ્ટન્ટના હોદ્ધા ઉપર તા.૦૪/૦૪/૨૦૦૯ થી તા.૦૩/૦૭/૨૦૦૯ ના સમયગાળા માટે કોન્ટ્રાકટચ્યુઅલ એપોઈન્ટમેન્ટ આપવામાં આવેલ હતી. જે આ કામના અરજદારે સહિ કરી અને સ્વીકારેલ છે. જે દસ્તાવેજ આ કામમાં નિ.૮/૪ થી રજુ થયેલ છે. સદર નિમણુંકનો સમય પુરો થતાં તેઓની નોકરીનો આપોઆપ અંત આવેલ હતો.

ત્યારબાદ અરજદારને તા.૨૯/૦૭/૨૦૦૯ ના રોજ ટેમ્પરરી કલેરીકલ આસિસ્ટન્ટના હોદ્ધા ઉપર તા.૦૬/૦૭/૨૦૦૯ થી તા.૩૧/૦૩/૨૦૧૦ ના સમયગાળા માટે કોન્ટ્રાકટચ્યુઅલ એપોઈન્ટમેન્ટ આપવામાં આવેલ હતી. જે આ કામના અરજદારે સહિ કરી અને સ્વીકારેલ છે. જે દસ્તાવેજ આ કામમાં નિ.૮/૫ થી રજુ થયેલ છે. સદર નિમણુંકનો સમય પુરો થતાં તેઓની નોકરીનો આપોઆપ અંત આવેલ હતો.

ત્યારબાદ અરજદારને તા.૨૭/૦૪/૨૦૧૦ ના રોજ ટેમ્પરરી કલેરીકલ આસિસ્ટન્ટના હોદ્ધા ઉપર તા.૦૩/૦૪/૨૦૧૦ થી તા.૩૧/૦૩/૨૦૧૧ ના સમયગાળા માટે કોન્ટ્રાકટચ્યુઅલ એપોઈન્ટમેન્ટ આપવામાં આવેલ હતી. જે આ કામના અરજદારે સહિ કરી અને સ્વીકારેલ છે. જે દસ્તાવેજ આ કામમાં નિ.૮/૬ થી રજુ થયેલ છે. સદર નિમણુંકનો સમય પુરો થતાં તેઓની નોકરીનો આપોઆપ અંત આવેલ હતો.

ત્યારબાદ અરજદારને તા.૦૮/૦૪/૨૦૧૧ ના રોજ ટેમ્પરરી કલેરીકલ આસિસ્ટન્ટના હોદ્ધા ઉપર તા.૦૬/૦૪/૨૦૧૧ થી તા.૩૧/૦૩/૨૦૧૨ ના સમયગાળા માટે કોન્ટ્રાકટચ્યુઅલ એપોઈન્ટમેન્ટ આપવામાં આવેલ હતી. જે આ કામના અરજદારે સહિ કરી અને સ્વીકારેલ છે.

જે દસ્તાવેજ આ કામમાં નિ.૮/૭ થી રજુ થયેલ છે. સદર નિમણુંકનો સમય પુરો થતાં તેઓની નોકરીનો આપોઆપ અંત આવેલ હતો.

ત્યારબાદ છેલ્લે અરજદારને તા.૦૩/૦૪/૨૦૧૨ ના રોજ ટેમ્પરરી કલેરીકલ આસિસ્ટન્ટના હોદ્ધા ઉપર તા.૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ ના સમયગાળા માટે કોન્ટ્રાકટચ્યુઅલ એપોઈન્ટમેન્ટ આપવામાં આવેલ હતી. જે આ કામના અરજદારે સહિ કરી અને સ્વીકારેલ છે. જે દસ્તાવેજ આ કામમાં નિ.૮/૮ થી રજુ થયેલ છે. સદર નિમણુંકનો સમય પુરો થતાં તેઓની નોકરીનો આપોઆપ અંત આવેલ હતો. આમ અરજદાર દ્વારા બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લીમીટેડમાં કામની જરૂરીયાત મુજબ ચોકકસ સમય માટે કામગીરી કરતા હતા અને તેઓની નોકરીનો સમયગાળો પુરો થતા તેઓની નોકરીનો આપોઆપ અંત આવી જતો હતો.

અરજદાર દ્વારા આંક-૭ થી સામાવાળા સંસ્થા પાસેથી કેટલાક દસ્તાવેજો રજુ કરવાની માંગણી કરેલ હતી. જેમાં કોર્ટ દ્વારા હુકમ પસાર કરી કેટલાક દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરેલ છે. જેને અનુસંધાને સામાવાળા સંસ્થા દ્વારા આંક-૯ થી તેમના મસ્ટરરોલના પાનાની નકલો રજુ કરેલ છે. આમ અરજદારે બનાસકાંઠા જીલ્લા તેલીબિયા ઉત્પાદન સંઘ લીમીટેડનું મર્જ સામાવાળા સંસ્થા બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લીમીટેડમાં થયેલ તે પહેલાં તેઓની નોકરીનો અંત આવી ગયેલ હતો.

અરજદારની તેલીબીયા સંઘમાં કામની જરૂરીયાત મુજબ ચોકકસ સમય માટે તેઓની નિમણુંક કરવામાં આવતી હતી અને બીજા પક્ષકારે કયારેય પણ કાયમી જગ્યાએ કાયમી કામદારની હેસિયતથી કામગીરી કરેલ નથી. અરજદાર દ્વારા સામાવાળા સંસ્થા ડેરીમાં કયારેય પણ કામદારની હેસીયતથી કામગીરી કરેલ નથી. અરજદાર અને સામાવાળા સંસ્થા ડેરી વચ્ચે માલિક-કામદારનો સંબંધ કયારેય પ્રસ્થાપિત થયેલ ન હતો કે નથી. આમ, ઉપરોકત હકિકત અનુસારનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે.

**(૧૫.૧)** સામાવાળા સંસ્થાના સાહેદની અરજદારના પ્રતિનિધિશ્રી દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ છે. આ ઉલટ તપાસની હકિકત ધ્યાને લેતાં, તેમાં સાહેદે જણાવેલ છે કે , તેઓ અરજદાર કામદાર દલસંગભાઈ દેવાભાઈ ભુતેડિયાને ઓળખે છે. તેઓ અમારે ત્યાં ફરજ બજાવતાં હતાં તેથી તેઓને ઓળખે છે. અરજદાર કઈ પોસ્ટ ઉપર કામ કરતાં હતાં તેની તેઓને ખબર નથી.

સાહેદે એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે, અરજદારને તા.૧૯/૧૦/૨૦૦૩ ના રોજ કેશીયર કમ એકાઉન્ટન્ટ તરીકે પ્રથમ નિમણુંક પત્ર આપવામાં આવેલો. સાહેદે એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે, અરજદાર બનાસ ઓઈલ પ્રોસેસીંગ પ્લાન્ટમાં એકાઉન્ટ વિભાગમાં કેશીયર કમ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતાં હતાં.

સાહેદને એ વાતનો ખ્યાલ નથી કે અરજદાર કામદારનો નોકરીનો સમય સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજના ૬:૦૦ વાગ્યા સુધીનો હતો કે કેમ. સાહેદે સ્વૈચ્છાએ જણાવેલ છે કે તેઓ પાળી પધ્ધતિ અનુસાર કામગીરી કરવા આવતાં હતાં.

સાહેદને એ વાતની ખબર નથી કે અરજદાર કામદારે તા.૧૯/૧૦/૨૦૦૩ થી તા.૩૧/૦૩/૨૦૧૩ સુધી ફરજ બજાવેલી હતી કે કેમ.

સાહેદને ચોકકસ સવાલ એવો પુછવામાં આવેલ છે કે અરજદારે તેલેબીયા સંઘમાં કેટલો સમય નોકરી કરેલી ? તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે તેનો તેઓને ખ્યાલ નથી.

સાહેદને એ વાતની ખબર નથી કે અરજદાર કામદારને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ મૌખીક હુકમથી છુટા કરવામાં આવેલા કે લેખીત હુકમથી છુટા કરવામાં આવેલા.

સાહેદને ચોકકસ સવાલ એવો પુછવામાં આવેલ છે કે અરજદારને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ છુટા કર્યા ત્યારે તેમને કેટલો પગાર આપવામાં આવતો હતો ? તેના જવાબમાં જણાવેલ છે કે તેની તેઓને ખબર નથી.

સાહેદને ચોકકસ સવાલ એવો પુછવામાં આવેલ છે કે તેલીબીયા સંઘનું બનાસ ડેરીમાં મર્જર કરવા અંગે સને.૨૦૧૧ માં કાર્યવાહી ચાલુ હતી ? તેના જવાબમાં જણાવેલ છે કે તેની તેઓને ખબર નથી.

સાહેદ સને.૨૦૧૩ માં તેલેબીયા સંઘમાં જુનીયર આસીસ્ટન્ટ તરીકે તેઓની ફરજ બજાવતા હતા. તે વખતે તેઓને ઓફિસ જે ફિલ્ડની કામગીરી સોપે તે કરવાની રહેતી હતી.

સાહેદે એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે તેઓને અરજદાર દલસંગભાઈ દેવાભાઈ નોકરીમાં દાખલ થયા, તેઓને છુટા કર્યા ત્યાં સુધી તેઓની કોઈ જાત માહિતી નથી.

સાહેદે એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે, તેલેબીયા સંઘનું સને.૨૦૧૪ માં બનાસ ડેરીમાં તેઓનું મર્જર થયેલું. સાહેદે એ હકિકત સ્વીકારેલ છે કે, અરજદારને નવી નિમણુંક દર વર્ષે આપવામાં આવતી હતી તેની અરજી લેવામાં આવતી હતી તે અરજી આ કામે રજુ કરેલ નથી.

સાહેદને એ વાતની ખબર નથી કે અરજદારનો પી.એફ. દરમાસે કપાતો હતો કે કેમ.

સાહેદને એ વાતની પણ ખબર નથી કે અરજદારને પગાર ચુકવવામાં આવતો હતો તેની પગાર ચીઠ્ઠી તેઓને આપવામાં આવતી હતી કે કેમ.

સાહેદને નિ.૧૦/૧ વાળો દસ્તાવેજ બતાવીને પુછવામાં આવેલ છે કે આ દસ્તાવેજ અરજદાર કામદારને આપવામાં આવેલી પી.એફ.ની સ્લીપો સને.૨૦૦૩–૦૪ અને સને.૨૦૦૪–૨૦૦૫ ની છે કે કેમ ? તેના જવાબમાં તેઓ તે દસ્તાવેજ જોઈને જણાવેલ છે કે તે વાત ખરી છે.

સાહેદને નિ.૧૨/૧ વાળો દસ્તાવેજ બતાવીને પુછવામાં આવેલ છે કે આ દસ્તાવેજ માનનીય જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ સહકારી મંડળીઓ ગાંધીનગર, ગુજરાત રાજયનો લખેલ તા.૨૦/૧૦/૨૦૧૧ નો પત્ર છે કે કેમ ? તેના જવાબમાં તેઓએ આ દસ્તાવેજ જોઈને જણાવેલ છે કે તે વાત ખરી છે.

સાહેદે એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે, નિ.૧૨/૧ વાળા પત્રમાં સંસ્થાના વહિવટમાં હેડ ઓફિસ તથા બાદરપુરા પ્લાન્ટનો સમાવેશ થાય છે સંસ્થાની વડી કચેરી ખાતે સંસ્થાના પાંચ તથા બાદરપુરા પ્લાન્ટ ખાતે સંઘના ૬૦ કાયમી અધિકારી/કર્મચારી તથા ૬ હંગામી કર્મચારી ફરજ બજાવે છે તેવું લખેલું છે.

સાહેદને ચોકકસ સવાલ એવો પુછવામાં આવેલ છે કે અરજદારનો પગાર કેવી રીતે કરતાં હતાં ? તેના જવાબમાં જણાવેલ છે કે આ મનેજમેન્ટનો વિષય છે તેથી તેઓ કાંઈ કહી શકે નહિં. અરજદારનો પગાર કેવી રીતે થતો તે તેઓ મેનેજમેન્ટને પુછીને કહી શકે.

સાહેદને ચોકકસ સવાલ એવો પુછવામાં આવેલ છે કે હાલમાં સંઘનું રેકર્ડ કયાં હોય છે ? તેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે તેની તેઓને ખબર નથી.

સાહેદે એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે બનાસ જીલ્લા તેલેબીયા સંઘ જે બનાસકાંઠા જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ (બનાસ ડેરી)માં મર્જર થયેલ હોય તે જુનો પ્લાન્ટ બનાસ ડેરી ચલાવે છે અને તે હાલમાં કાર્યરત છે.

સાહેદને એ વાતની ખબર નથી કે સદર તેલીબીયા સંઘ બનાસ ડેરીમાં મર્જર થવાની પ્રક્રિયા ચાલુ હતી તે સમય દરમ્યાન અરજદાર ફરજ બજાવતાં હતાં કે કેમ. સાહેદને એ વાતની પણ ખબર નથી કે અરજદાર કેશીયર કમ એકાઉન્ટન્ટ તરીકે જે કામ કરતાં હતાં તે કામ હાલ બીજા કર્મચારી કરે છે કે કેમ. સાહેદને એ વાતની ખબર નથી કે અરજદારે તા.૧૯/૧૦/૨૦૦૩ થી તા.૩૧/૩/૨૦૧૩ સુધી સતત અને સળંગ ૨૪૦ દિવસની કામગીરી કરેલ છે કે કેમ.

સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તેઓની જરૂરીયાત હોય ત્યારે તેઓને કામ કરવા બોલાવતાં.

સાહેદને ચોકકસ સવાલ એવો પુછવામાં આવેલ છે કે જયારે અરજદારની કામની જરૂર પડતી ત્યારે તેઓને લેખીતમાં કામ કરવા બોલાવતાં કે મૌખીકમાં કામ કરવા બોલાવતાં ? તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે તેઓને લેખીતમાં બોલાવતાં કે મૌખીકમાં તેની તેઓને ખબર નથી.

સાહેદને એ વાતની ખબર નથી કે અરજદારને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ છુટા કર્યા ત્યારે કાયદેસરની પ્રક્રિયા કરીને છુટા કર્યા હતાં કે કેમ. સાહેદને એ વાતની ખબર નથી કે અરજદારને તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ છુટા કર્યા ત્યારે તેઓને નોટીસ, નોટીસ પગાર કે વળતરની રકમ આપવામાં આવેલી હતી કે કેમ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે હંગામી કર્મચારી હોય તેને અગીયાર માસનો જે ઓર્ડર આપેલો હોય તેમાં સ્પષ્ટ લખેલું હોય છે કે તમારો પુરો થશે ત્યારે આપોઆપ છુટા થયેલાનું ગણાશે તેમ સંઘે લખેલું હોય છે. સાહેદને એ વાતની ખબર નથી કે અરજદારને બાર માસનો હુકમ આપવામાં આવતો હતો કે કેમ.

સાહેદે એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે અરજદારને અગીયાર માસનો ઓર્ડર આપવામાં આવતો હતો તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. અગીયાર માસના હુકમો રજુ કરવા માટે તેઓને અધિકાર નથી. મેનેજમેન્ટ કહે તો તેઓ રજુ કરવા તૈયાર છે. સાહેદે એ હકિકતનો ઈન્કાર કરેલો છે કે તેઓ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે. આમ, ઉપરોકત મુજબનો સામાવાળા સંસ્થા તરફે મૌખીક પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે.

**(૧૬)** આ કામે ઉભય પક્ષકારો તરફે ઉપસ્થિત થયેલ તકરારના સમર્થનમાં મૌખીક દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતા આ તબ્બકે ઔદ્યોગીક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ના કાયદાની જરૂરી જોગવાઈઓ ત્વરીત રીફર થઈ શકે તે માટે તેનો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે. આ જોગવાઈઓ નીચે મુજબ છે.

– **કલમ–૨ (૦૦)** 'છટણી' એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(a) કામદારની સ્વૈચ્છાપુર્વકની નિવૃતિ, અથવા

(b) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેનો રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિવયે પહોંચતા કામદારની નિવૃતિ, અથવા

(bb) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ, અથવા

(c) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ,

– **<u>કલમ–૨૫–બી સળંગ નોકરીની વ્યાખ્યા.</u>**

આ પ્રકરણના હેતુઓ માટે –

(૧) કોઈ કામદાર, બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય તેવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય તેવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તેટલી મુદ્દત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય

(૨) એક વર્ષ અથવા છ મહિના સુધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે, –

(ક) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રેજી મહિનાની મુદ્દત દરમિયાન – (૧) કોઈ ભુગર્ભમાં કામે રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવું દિવસ અને (૨) બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, એક વર્ષની મુદત સુધી,

(ખ) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલા છ અંગ્રેજી મહિનાની મુદ્દત દરમિયાન – (૧) કોઈ ભુગર્ભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણું દિવસ, અને (૨) બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી, કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, તે છ મહિનાની મુદ્દત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

– **<u>કલમ – ૨૫ એફ– કામદારોની છટણીની પૂર્વ શરતો:–</u>**

કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં

કામે રાખેલા કામદારની છટણી, – (એ) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખીત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી  નોટીસને બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી,

(બી) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(સી) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સતાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, કરી શકાશે નહીં.

– **<u>કલમ–૨૫ જી. છટણી માટેની કાર્યરીતી:–</u>**

કોઈ ઔધોગીક સંસ્થામાં, ભારતનો નાગરીક હોય એવા કોઈ કામદારની છટણી કરવાની હોય અને સદરહું સંસ્થામાં તે અમુક વર્ગનો કામદાર હોય, ત્યારે માલિક અને કામદાર વચ્ચે આ માટે કોઈ કબુલાત ન હોય તો સામાન્ય રીતે માલીકે સદરહું વર્ગમાં છેલ્લે કામે રાખ્યો હોય તે કામદારની છટણી કરવી જોઈશે. સિવાય કે માલિકે કારણોની લેખીત નોંધ કરીને કોઈ બીજા કામદારની છટણી કરી હોય.

– **<u>કલમ–૨૫ એચ. છટણી કરેલા કામદારોને ફરીથી કામે રાખવા બાબત.</u>**

કોઈ કામદારની છટણી કરવામાં આવી હોય અને માલિક કોઈ વ્યકિતઓને કામે રાખવા માંગે, ત્યારે તેનો, ભારતના નાગરીકો હોય એવા છટણી કરેલા કામદારોને ફરીથી કામે રહેવા માટે ઠરાવવામાં આવે તે રીતે તક આપવી જોઈશે અને એવા છટણી કરેલા કામદારો ફરી કામે રહેવા માંગે તો તેઓને બીજી વ્યકિતઓ કરતા પહેલી પસંદગી આપવી જોઈશે.

(૧૭) હાલના આ રેફરન્સની હકિકત અનુસાર અરજદારે કઈ સંસ્થામાં તેઓની કામગીરી કરેલ છે અને કઈ સંસ્થાએ અરજદારને છુટા કરેલ છે તે અગત્યની હકિકત છે. અરજદારે ઉપસ્થિત કરેલ વિવાદ ધ્યાને લેતાં, તેઓએ આ વિવાદ સૌપ્રથમ મદદનીશ શ્રમ આયુકતની કચેરી

સમક્ષ લેખીત ફરીયાદના આધારે ઉપસ્થિત કરેલ. અરજદારે દાખલ કરેલ તે ફરીયાદની હકિકતોને ધ્યાને લેવી જરૂરી જણાતાં, તેને ધ્યાને લેવામાં આવેલ છે. અરજદારની તે ફરીયાદની હકિકત અનુસાર અરજદારે તેઓની ફરીયાદ તા.૨૮/૦૩/૨૦૧૪ ના રોજ દાખલ કરેલ અને તેના કોલમ નં.૩ માં સંસ્થા સામે ફરીયાદ હોય તે સંસ્થાનું નામ અને સરનામાની વિગતમાં અરજદારે સંસ્થાનું નામ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ., બાદરપુરા, પાલનપુર, કોલમ નં.૧૪ માં છુટા કર્યાની તારીખમાં તા.૦૧/૦૪/૨૦૧૩ ની તથા કોલમ નં.૧૫ માં છુટા કરવાનું કારણમાં 'કારણ જણાવ્યા વગર મૌખીક રીતે જ સંસ્થામાં આવવાની ના પાડવામાં આવેલ છે' તેમ જણાવવામાં આવેલ છે તથા કોલમ નં.૧૬ માં ફરીયાદની માંગણી પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા તેમ જણાવવામાં આવેલ છે. અરજદારની આ ફરીયાદની હકિકત અનુસાર તેઓને બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. નાઓએ છુટા કરેલા છે અને તે સંસ્થા હાલના આ રેફરન્સમાં પક્ષકાર તરીકે નથી. અરજદારની મદદનીશ શ્રમ આયુકત સમક્ષ દાખલ કરેલ ફરીયાદની હકિકત ધ્યાને લેતાં, આ કામની સામાવાળા સંસ્થા ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (બનાસ ડેરી) નાઓએ અરજદારને છુટા કરેલાની હકિકત નથી. બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. નું મર્જર બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. માં તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ મર્જર થવા પામેલ. સંસ્થાઓના મર્જર થયા બાદ અરજદારે તેઓની ફરીયાદ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ તા.૨૮/૦૩/૨૦૧૪ ના રોજ દાખલ કરેલ છે. અરજદારે મદદનીશ શ્રમ આયુકતની કચેરીમાં દાખલ કરેલ તેઓની ફરીયાદના અનુસંધાને કન્સીલીએશનની કાર્યવાહી જે ચાલી રહી હતી તેમાં તેઓએ તેમના ફરીયાદપત્રમાં ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.પાલનપુર, બનાસ ડેરી, મુ.પાલનપુર મુજબનો સુધારો કરવા તા.૦૬/૦૬/૨૦૧૪ ના રોજ અરજી આપવામાં આવેલ. તે જ તારીખે આ કામની સામાવાળા સંસ્થા દ્વારા મદદનીશ શ્રમ આયુકતની કચેરીએ જવાબ રજુ કરી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘનું તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ બનાસ ડેરીમાં મર્જર થઈ ગયેલ હોય હાલ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘનું કોઈ અસ્તીત્વ રહેતું નહિં હોવાનું જણાવી અરજદારે તા.૨૮/૦૩/૨૦૧૪ ના રોજ જે સંસ્થા સામે વિવાદ ઉપસ્થિત કરેલ છે તે કાયદેસર રીતે ચાલી શકે તેમ નહિં હોવાનું જણાવવામાં આવેલ છે. મદદનીશ શ્રમ આયુકત સમક્ષની કાર્યવાહીમાં પક્ષકારો વચ્ચે

સમાધાન શકય નહિં બનતાં ન્યાય નિર્ણય કરવા અર્થે રેફરન્સ કરવાનું તથા સંસ્થાનો તા.૦૬/૦૬/૨૦૧૪ ના પત્રના અનુસંધાને અરજદારનો તા.૦૬/૦૬/૨૦૧૪ ની અરજીની વિગતે સુધારો રેકર્ડ ઉપર લઈ ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (બનાસ ડેરી) પાલનપુરને પક્ષકાર તરીકે જોડવાનો અને અગાઉ ફરીયાદમાં જણાવેલ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લી. પાલનપુરને રદ્દ કરવાનું રોજકામ તા.૨૬/૦૬/૨૦૧૪ ના રોજ થયેલાનું મદદનીશ શ્રમ આયુકતે અત્રેની અદાલતને રજુ કરેલ કેસ કાગળોથી ફલીત થાય છે.

(૧૮) અરજદારના આંક–૪ વાળા માંગણા નિવેદનની હકિકત, આંક–૧૧ થી રજુ કરેલ સરતપાસના સોગંદનામાની હકિકતોને ધ્યાને લેતાં, તેમાં સામાવાળા સંસ્થા તરીકે મેનેજીંગ ડિરેકટર, ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ને જણાવેલ છે. અરજદારે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ.ને ફોર્મલ પક્ષકાર તરીકે જોડેલ નથી. જયારે અરજદાર આંક–૪ ના માંગણા નિવેદન તથા આંક–૧૧ ના સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે તેઓ હાલની સામાવાળ સંસ્થાના અગાઉ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સંઘ લિ.ના તાબા હેઠળના બનાસ ઓઈલ પ્રોસેસીંગ પ્લાન્ટમાં નોકરી કરતાં હોવાનું અને આ કામની સામાવાળા સંસ્થામાં નવ વર્ષ અને છ માસથી સળંગ ફરજો બજાવેલ હોવા છતાં કોઈપણ જાતના કારણો વગર તેમજ કોઈપણ જાતની કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર તેઓને છુટા કરી દીધેલાની હકિકત જણાવવામાં આવેલ છે. પરંતુ આ કામની સામાવાળા સંસ્થાએ તેઓને છુટા કરેલ છે તે મુજબની કોઈ હકિકત જણાવવામાં આવેલ નથી. અરજદારે કામગીરી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘમાં કરેલ છે, પરંતુ તેઓએ ખુબ ચાતુર્ય પુર્વક બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.નાએ તેઓને છુટા કરેલ તે મુજબની કોઈ હકિકત જણાવેલ નથી. અરજદારને સામાવાળા સંસ્થાએ નોકરીમાં નિયુકત કર્યા હોવાની અને સામાવાળા સંસ્થાએ અરજદારને છુટા કરેલાની અરજદારની હકિકત નથી તથા તે મુજબની હકિકત પરત્વે અરજદારે કોઈ પુરાવો આપેલ નથી. અરજદારની કામગીરી પરત્વે તેઓની ઉલટતપાસની હકિકત ધ્યાને લેતાં તેમાં તેઓ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા સંઘમાં કામ કરતો હોવાની હકિકત જણાવી તે હકિકત ઉપર કાયમ રહેલ છે. અરજદારને ચોકકસ સવાલ

તેઓએ વિવાદ કઈ સંસ્થા સામે કરેલો છે ? તેમ પુછતાં તેના જવાબમાં અરજદારે જણાવેલ છે કે તેલીબીયા સંઘ સામે વિવાદ ઉભો કરેલો છે. વધુમાં અરજદારે એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે તેઓએ સમગ્ર નોકરી બનાસકાંઠા તેલીબીયા સંઘમાં કરેલ છે. અરજદારે જણાવેલ હકિકતો અનુસાર તેઓનો વિવાદ આ કામની સામાવાળા સંસ્થા સામેનો નથી તથા તેઓએ આ કામની સામાવાળા સંસ્થામાં નોકરી કરેલી નથી. અરજદારને ઉલટ તપાસમાં વધુ ચોકકસ સવાલ એવો પુછવામાં આવેલ છે કે તેઓએ છેલ્લે તેલીબીયા સંઘમાં કયાં સુધી નોકરી કરી ? તેના જવાબમાં અરજદારે જણાવેલ છે કે માર્ચ–૨૦૧૩ સુધી કરેલી. માહે.માર્ચ–૨૦૧૩ ના સમયગાળામાં સંસ્થાઓનું મર્જર થવા પામેલ ન હતું. આ ઉપરાંત અરજદારે એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે તેઓએ કયારેય બનાસકાંઠા ડેરીમાં કામગીરી કરેલ નથી અને સ્વૈચ્છાએ એ હકિકત જણાવેલ છે કે તેઓએ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા સંઘમાં નોકરી કરેલી છે. આમ, ઉપરોકત હકિકતો ધ્યાને લેતાં, અરજદારે આ કામની સામાવાળા સંસ્થામાં કયારેય નોકરી મુજબની કામગીરી કરેલ નહિં હોવાની હકિકત પુરવાર થતી હોય, સામાવાળા સંસ્થાએ અરજદારને નિયુકત કરેલ નથી અને તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકિકત પુરવાર થતી નથી. સામાવાળા સંસ્થા તરફે જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે તે દસ્તાવેજ અનુસાર તેલીબીયા સંઘનું બનાસ ડેરીમાં મર્જર થયું ત્યારે તેઓ તેલીબીયા સંઘમાં મસ્ટર પરનાં કર્મચારી હોવાની હકિકત પણ પુરવાર કરી શકેલ નથી. આમ, જયારે તેલીબીયા સંઘનું બનાસ ડેરીમાં મર્જર થયું ત્યારે અરજદાર મસ્ટર પરનાં કર્મચારી ન હતાં. જેથી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લિ. નું જયારે તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. માં જયારે મર્જર થયું ત્યારે અરજદાર તે સમયે મસ્ટર પરના કર્મચારી ન હોય તેમનો સમાવેશ બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં થવા પામેલ નહિં.

(૧૯) અરજદાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. માં કરાર આધારીત નિર્ધારીત સમયગાળામાં નોકરી કરતાં હોવાની હકિકત સામાવાળા સંસ્થાએ જણાવેલ છે અને તેઓએ જણાવેલ હકિકત પુરવાર કરવા માટે તેઓએ આંક–૮ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી અરજદારના કોન્ટ્રાકચ્યુઅલ નિમણુંક પત્રની ખરી નકલો નિ.૮/૧ થી નિ.૮/૮ સુધીની રજુ કરેલ છે. જે લગત સામાવાળા સંસ્થા તરફે અરજદારની ઉલટ તપાસ આ

દસ્તાવેજોને બતાવીને કરવામાં આવેલ છે અને તે દસ્તાવેજોમાં અરજદારે તેઓની સહિ હોવાની હકિકતનો સ્વીકાર અરજદારે તેઓની ઉલટતપાસમાં કરેલો છે. અરજદારે આ ઉપરાંત એ હકિકતનો પણ સ્વીકાર કરેલો છે કે આ નિ.૮/૧ થી નિ.૮/૮ સુધીના દસ્તાવેજો તેઓએ કયાંય પડકારેલ નથી તથા અરજદારે એ હકિકતનો પણ સ્વીકાર કરેલો છે કે નિ.૮/૧ થી નિ.૮/૮ સુધીના દસ્તાવેજો મેળવવા માટે તેઓએ કોઈ અરજી કરેલ નથી. આમ, આ દસ્તાવેજો અરજદારના નહિં હોવા અંગેની કોઈ તકરાર અરજદારે ઉપસ્થિત કરેલ નથી. અરજદારપક્ષ તરફથી આ નિ.૮/૧ થી નિ.૮/૮ સુધીના દસ્તાવેજો લગત કોઈ તકરાર ઉપસ્થિત થયેલ ન હોય, આ દસ્તાવેજોને ધ્યાને લેતાં, –

(૧) નિ.૮/૧ થી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લિ. એ અરજદારને ૧૨ મહિના માટે તા.૧૭/૦૭/૨૦૦૬ ના રોજ આપેલ કોન્ટ્રાકટચ્યુઅલ નિમણુંક પત્ર,

(૨) નિ.૮/૨ થી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લિ. એ અરજદારને તા.૧૬/૦૭/૨૦૦૭ થી તા.૩૧/૦૩/૨૦૦૮ ના સમયગાળા માટે તા.૧૭/૦૭/૨૦૦૭ ના રોજ આપેલ કોન્ટ્રાકટચ્યુઅલ નિમણુંક પત્ર,

(૩) નિ.૮/૩ થી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લિ. એ અરજદારને તા.૦૫/૦૪/૨૦૦૮ થી તા.૩૧/૦૩/૨૦૦૯ ના સમયગાળા માટે તા.૧૭/૦૫/૨૦૦૮ ના રોજ આપેલ કોન્ટ્રાકટચ્યુઅલ નિમણુંક પત્ર,

(૪) નિ.૮/૪ થી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લિ. એ અરજદારને તા.૦૪/૦૪/૨૦૦૯ થી તા.૦૩/૦૭/૨૦૦૯ ના સમયગાળા માટે તા.૦૬/૦૪/૨૦૦૯ ના રોજ આપેલ કોન્ટ્રાકટચ્યુઅલ નિમણુંક પત્ર,

(૫) નિ.૮/૫ થી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લિ. એ અરજદારને તા.૦૬/૦૭/૨૦૦૯ થી તા.૩૧/૦૩/૨૦૧૦ ના સમયગાળા માટે તા.૨૯/૦૭/૨૦૦૯ ના રોજ આપેલ કોન્ટ્રાકટચ્યુઅલ નિમણુંક પત્ર,

(૬) નિ.૮/૬ થી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લિ. એ અરજદારને તા.૦૩/૦૪/૨૦૧૦ થી તા.૩૧/૦૩/૨૦૧૧ ના સમયગાળા માટે તા.૨૭/૦૪/૨૦૧૦ ના રોજ આપેલ કોન્ટ્રાકટચ્યુઅલ નિમણુંક પત્ર,

(૭) નિ.૮/૭ થી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લિ. એ અરજદારને તા.૦૬/૦૪/૨૦૧૧ થી તા.૩૧/૦૩/૨૦૧૨ ના સમયગાળા

માટે તા.૦૮/૦૪/૨૦૧૧ ના રોજ આપેલ કોન્ટ્રાકટચ્યુઅલ નિમણુંક પત્ર,

(૮) નિ.૮/૮ થી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ લિ. એ અરજદારને તા.૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ ના સમયગાળા માટે તા.૦૩/૦૪/૨૦૧૨ ના રોજ આપેલ કોન્ટ્રાકટચ્યુઅલ નિમણુંક પત્ર ની

નકલોને રજુ કરેલ છે. સામાવાળા સંસ્થાએ અરજદારની નિમણુંક અંગેની હકિકત પુરવાર કરવા માટે રજુ કરેલ નિ.૮/૧ થી નિ.૮/૮ સુધીના દસ્તાવેજો અનુસાર અરજદારની કરાર આધારીત ટેમ્પરરી કલેરીકલ આસીસ્ટન્ટની નોકરી હોવાનું અને આ દસ્તાવેજોમાં જે જનરલ કન્ડીશન્સ જણાવવામાં આવેલ છે તેને ધ્યાને લેતાં, નિમણુંક ચોખ્ખી રીતે કામચલાઉ હોવાનું તથા નોકરી પરત્વે તેઓનું કોઈ લિયન નહિં હોવાનું અને કરાર આધારીત એસાઈન્મેન્ટ કરાર સમયગાળો પુર્ણ થતાં આપોઆપ પુર્ણ થઈ જશે તે મુજબની હકિકત જણાવવામાં આવેલ છે. ઉપરોકત રજુ થયેલ દસ્તાવેજોની હકિકત અનુસાર અરજદારે સામાવાળા સંસ્થામાં નહિં પરંતુ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. ના બનાસ ઓઈલ પ્રોસેસીંગ યુનીટમાં હંગામી ધોરણે ચોકકસ સમયગાળા પુરતાં કરાર અધારીત નિમણુંક પામેલાની હકિકત પુરવાર થાય છે. નિ.૮/૧ વાળા દસ્તાવેજની હકિકતે અરજદારની નિમણુંક હંગામી ધોરણેનો ચોકકસ સમયગાળો કરાર આધારીત બાર માસનો છે, નિ.૮/૨ વાળા દસ્તાવેજની હકિકતે અરજદારની નિમણુંક હંગામી ધોરણેનો ચોકકસ સમયગાળો કરાર આધારીત તા.૧૬/૦૭/૨૦૦૭ થી તા.૩૧/૦૩/૨૦૦૮ સુધીનો છે, નિ.૮/૩ વાળા દસ્તાવેજની હકિકતે અરજદારની નિમણુંક હંગામી ધોરણેનો ચોકકસ સમયગાળો કરાર આધારીત તા.૦૫/૦૪/૨૦૦૮ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધીનો છે, નિ.૮/૪ વાળા દસ્તાવેજની હકિકતે અરજદારની નિમણુંક હંગામી ધોરણેનો ચોકકસ સમયગાળો કરાર આધારીત તા.૦૪/૦૪/૨૦૦૯ થી તા.૦૩/૦૭/૨૦૦૯ સુધીનો છે, નિ.૮/૫ વાળા દસ્તાવેજની હકિકતે અરજદારની નિમણુંક હંગામી ધોરણેનો ચોકકસ સમયગાળો કરાર આધારીત તા.૦૬/૦૭/૨૦૦૯ થી તા.૩૧/૦૩/૨૦૧૦ સુધીનો છે, નિ.૮/૬ વાળા દસ્તાવેજની હકિકતે અરજદારની નિમણુંક હંગામી ધોરણેનો ચોકકસ સમયગાળો કરાર આધારીત તા.૦૩/૦૪/૨૦૧૦ થી તા.૩૧/૦૩/૨૦૧૧ સુધીનો છે, નિ.૮/૭ વાળા દસ્તાવેજની હકિકતે અરજદારની નિમણુંક હંગામી ધોરણેનો ચોકકસ સમયગાળો કરાર આધારીત તા.૦૬/૦૪/૨૦૧૧ થી તા.૩૧/૦૩/૨૦૧૨ સુધીનો છે, નિ.૮/૮ વાળા દસ્તાવેજની હકિકતે અરજદારની નિમણુંક

હંગામી ધોરણેનો ચોકકસ સમયગાળો કરાર આધારીત તા.૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ સુધીનો છે અને તે બાદ અરજદારની નિયુકતી કરવામાં આવેલ હોવાની રેકર્ડ આધારીત હકિકત નથી. આમ, અરજદારને તેમની નિમણુંક અંગેનો ચોકકસ સમયગાળો તા.૩૧/૦૩/૨૦૧૩ સુધીનો હોવા બાબતનું તેઓને જ્ઞાન છે. અરજદારની કામગીરી હંગામી કરાર આધારીત હોવાની હકિકત પુરવાર થયેલ હોય, તે સંજોગોમાં તેઓએ તેમના આંક−૪ ના માંગણા નિવેદન તથા આંક−૧૨ થી રજુ કરેલ લેખીત સ્વરૂપના સરતપાસના સોગંદનામામાં તેઓએ કાયમી પ્રકારની કાયમી કામગીરી કરેલ હોવાની હકિકત પુરવાર થતી નથી. હવે જયારે અરજદારની કામગીરી હંગામી ધોરણે ચોકકસ સમયગાળાના કરાર આધારીત હોવાની હકિકત પુરવાર થતી હોય અરજદાર તે અનુસાર તેઓએ સ્વીકારેલી નિયુકતીની શરતો તથા તે અનુસારની નિયુકતીના સ્વરૂપને અવગણી શકે નહિં તથા પાછલી અસરથી તેઓ કરાર અંગેની કાયદેસરતાને પડકારી શકે નહિં અને તે અનુસારનો તેમનો હાલનો આ ટર્મ્સ ઓફ રેફરન્સ નથી. બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘે તા.૩૧/૦૩/૨૦૧૩ બાદ અરજદારની નિયુકતી અંગેનો નવો કરાર કરવામાં આવેલ ન હોય અને અરજદારે હંગામી ધોરણે કરાર આધારીત તેઓની નિયુકતી સ્વીકારેલ હોય તે નિયુકતીની શરતો તેને બંધનકારક હોય અને નિયુકતી અંગેનો સમયગાળો પુર્ણ થતાં તેઓની નોકરીનો આપોઆપ અંત આવી જતો હોય, તે સંજોગોમાં અરજદારને મૌખીક હુકમથી છુટા કરવામાં આવેલાની હકિકત પુરવાર થતી નથી. નોકરીની નિયુકતી અંગેનો સમયગાળો પુર્ણ થયા બાદ તેઓની નોકરીની કામગીરીનો અંત આવી ગયેલ હોય, તે સંજોગોમાં તે છટણી ગણી શકાય તેમ ન હોય, ઔદ્યોગીક તકરાર અધિનિયમની કલમ ૨ (ઓઓ) (બીબી) ની જોગવાઈ અનુસારનો હાલનો આ રેફરન્સ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૨૦) સામવાળા સંસ્થાએ હાલનો આ રેફરન્સ કલમ−૨ (ઓઓ) (બીબી) ની જોગવાઈ અનુસારનો હોય, અરજદાર કોઈ પ્રકારની દાદ મેળવવા માટે હકકદાર બનેલ ન હોય તે મુજબ લીધેલ બચાવના સમર્થનમાં તેઓએ નામદાર સર્વોચ્ચ અદાલતનો 2007 Law Suit (SC) Page No.130 (Supreme Court of India); Punjab State Electricity Board vs. Sudesh Kumar Puri; ના ચુકાદા ઉપર આધાર રાખેલો છે. સામાવાળા સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ ચુકાદાને અત્રેની અદાલત અતિમાન આપી તેને માનભેર વંચાણે લેવામાં આવેલ

છે અને તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે સહમત છે. રજુ કરવામાં આવેલ આ ચુકાદાની હકિકતો સાથે હાલના આ રેફરન્સની હકિકતોને સરખાવતાં તે આ રેફરન્સની હકિકત સાથે સુસંગત હોવાનું જણાય આવતું હોય, આ ચુકાદો સામાવાળા સંસ્થાના બચાવ પરત્વે કરવામાં આવેલ દલીલોને સમર્થન કરતો હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવાનું થાય છે.

સામાવાળા સંસ્થા તરફે આ ઉપરાંત તેમના બચાવની હકિકતના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો 1994 I CLR 544; M.Venugopal vs. Life Insurance Corporation of India, Machilipatnam, A.P. & Anr. ના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. સામાવાળા સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ ચુકાદાને અત્રેની અદાલત અતિમાન આપી તેને માનભેર વંચાણે લીધેલ છે. સદરહુ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો સાથે અત્રેની અદાલત સહમત છે. પરંતુ રજુ કરવામાં આવેલ ચુકાદાની હકિકતોને હાલના આ રેફરન્સની હકિકતો સાથે સરખાવતાં આ ચુકાદો સામાવાળા સંસ્થાના બચાવની દલીલોને આંશીક રીતે સમર્થન કરતો હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવાનું થાય છે.

સામાવાળા સંસ્થા તરફે તેમણે લીધેલ બચાવની દલીલોના સમર્થનમાં નામદાર ગુજરાત વડિ અદાલતનો 2014 (3) Gujarat Law Reporter Vol. No.55 (3); ઉપર પ્રસિધ્ધ થયેલ G.E.B. Substituted as Gujarat State Electricity Corporation vs. Harishkumar N. Bosamiya ના ચુકાદા ઉપર આધાર રાખી દલીલ કરેલ છે કે જયારે કામદારને અમુક નકકી કરેલ સમયગાળા માટે નિમણુંક આપવામાં આવેલ હોય ત્યારે કરાર હેઠળનો સમયગાળો પૂરો થવાથી નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા તે છટણી ન ગણાય અને આવો કેસ કલમ ૨ (ઓઓ) (બીબી) હેઠળ આવે અને આવા કેસમાં કામદાર દ્વારા ૨૪૦ દિવસ પૂરા કર્યા હોય તે અસંબંધીત છે. સામાવાળા સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ ઉપરોકત ચુકાદાને અત્રેની અદાલત અતિમાન આપી તેને માનભેર વંચાણે લીધેલ છે અને તે ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત સાથે અત્રેની અદાલત સહમત છે. આ રજુ કરવામાં આવેલ ચુકાદાની હકિકતો સાથે હાલના આ રેફરન્સની હકિકતો સાથે સરખાવતાં આ ચુકાદો સામાવાળા સંસ્થાએ લીધેલ બચાવ પરત્વે કરવામાં આવેલ દલીલોને સમર્થન કરતો હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવાનું થાય છે.

અત્રેથી નામદાર ગુજરાત વડિ અદાલતનો ૨૦૨૧ (૦) એ.આઈ.જે.ઈ.એલ.–એચ.સી. ૨૪૩૧૫૮ ઉપર પ્રસિધ્ધ થયેલ ભાવનગર મ્યુનીસીપલ કોર્પોરેશન વિ. પરેશ રસીકભાઈ ડોડિયા (સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૮૮૩૩/૨૦૦૯, સીવીલ એપ્લીકેશન નં.૦૧/૨૦૨૦) નિર્ણય તા.૧૬/૦૭/૨૦૨૧ ના ચુકાદામાં નામદાર વડિ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને હાલના આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે માર્ગદર્શક સિધ્ધાંત તરીકે ધ્યાને લેવા ન્યાયીક જણાય આવતા હોય, આ ચુકાદામાં આપવામાં આવેલ નિર્દેશોને ધ્યાને લેવામાં આવેલ છે અને આ ચુકાદામાં નામદાર ગુજરાત વડિ અદાલતે ઠરાવેલ છે કે, જયારે કરાર આધારીત નિમણુંક હોય અને તે કરારમાં જણાવવામાં આવેલ નિયુકતીની સમયમર્યાદા પૂર્ણ થતાં તે રીતે કામદારની નોકરીનો અંત આવે તો તેને છટણી કહી શકાય નહિં. આમ, તે રીતે નોકરીની પૂર્ણતા છટણીની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતી ન હોય, માલિકે ઔદ્યોગીક તકરાર અધિનિયમની કલમ ૨૫ (એફ) માં જણાવવામાં આવેલ જોગવાઈ અનુસારની પ્રક્રિયાનું પાલન કરવું જરૂરી નથી. નામદાર ગુજરાત વડિ અદાલતે આ ચુકાદામાં ઉપરોકત ચુકાદો G.E.B. Substituted as Gujarat State Electricity Corporation vs. Harishkumar N. Bosamiya ને રીફર કરવામાં આવેલ છે. અત્રેથી ધ્યાન ઉપર લેવામાં આવેલ ઉપરોકત ચુકાદો તથા હાલના આ રેફરન્સ કેસની હકિકત અનુસાર અરજદાર કરાર આધારિત નિયુકતી પામેલ નહિં હોવા બાબતેની કોઈ તકરાર અરજદારે ઉપસ્થિત કરેલ નથી તથા તે હકિકતથી વિરૂધ્ધ કે વિપરીતનો પુરાવો અરજદાર તરફે રજુ કરવામાં આવેલ નથી. આમ, અરજદારની નિયુકતી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. માં કરાર આધારીત છે અને તે સંસ્થા હાલના આ રેફરન્સમાં પક્ષકાર તરીકે નથી. આ રેફરન્સની સામાવાળા સંસ્થાએ અરજદારને નિયુકતી આપેલ હોવાની અરજદારપક્ષની હકિકત નથી. અરજદારની નિયુકતી અંગે જે કરાર થયેલ તેમાં તેઓએ તેમની સહિ હોવાની હકિકત સ્વીકારેલી છે. અરજદાર સાથે અંતિમ કરાર જે થયેલ તેમાં તે કરારની સમયમર્યાદા તા.૩૧/૦૩/૨૦૧૩ સુધીની હતી અને તે બાદ અરજદારે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘમાં કામ કરેલ નથી. આમ, અરજદારે કરાર આધારીત સ્વીકારેલ નિયુકતી સમયમર્યાદા પૂર્ણ થતાં તેઓની નોકરીનો અંત આવેલ હોય, તે સંજોગોમાં તેઓની છટણી કરવામાં આવેલ હોવાની હકિકત અરજદારની તરફેણમાં માની શકાય તેમ નથી તથા હાલનો આ રેફરન્સ ઔદ્યોગીક તકરાર અધિનિયમની કલમ ૨ (ઓઓ) (બીબી) અન્વયેનો હોવાનું પણ સ્પષ્ટપણે પુરવાર થાય છે. જે સંજોગોમાં અત્રેથી ઉપરોકત

ધ્યાને લેવામાં આવેલ ચુકાદો હાલના આ રેફરન્સની હકિકતને સુસંગત હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવાનું થાય છે.

(૨૧) સામાવાળા સંસ્થા તરફે એ મુજબનો બચાવ લીધેલ છે કે અરજદારની એ મુજબની રજુઆત છે કે તેઓએ બનાસકાંઠા જીલ્લા તેલેબીચા ઉત્પાદન સહકારી સંઘમાં તેઓએ કાયમી પ્રકારની કામગીરી કરેલ છે, પરંતુ તે હકિકત પુરવાર કરવામાં તેઓ સદંતર નિષ્ફળ રહેલ છે. જે સંજોગોમાં અરજદાર તેમનો કેસ પુરવાર કરવામાં સદતંર નિષ્ફળ ગયેલ છે. સામાવાળા સંસ્થા તરફે લીધેલ આ બચાવના સમર્થનમાં તેઓએ 2011 (1) LLJ Page No. 251 (Supreme Court of India); Amar Chakravarty and Others V/s. Maruti Suzuki India Ltd. ના ચુકાદા ઉપર આધાર રાખી દલીલમાં જણાવેલ છે કે હકિકત પુરવાર કરવાનો બોજો હંમેશા તે વ્યકિત ઉપર રહેલો છે કે જેણે તે હકિકતનું સમર્થન કરેલ છે અને આ બોજો હકિકતનું અસ્તીત્વ નકારનાર પક્ષ ઉપર નથી. સામાવાળા સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ આ ચુકાદાને અત્રેની અદાલત અતિમાન આપી તેને માનભેર વંચાણે લેવામાં આવેલ છે અને આ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત સાથે અત્રેની અદાલત સહમત છે. રજુ કરવામાં આવેલ ચુકાદાને હાલના આ રેફરન્સની હકિકત સાથે સરખાવતાં, અરજદારે તેમના આંક–૪ ના માંગણા નિવેદનમાં તથા આંક–૧૨ થી રજુ કરવામાં આવેલ પુરાવાના સોગંદનામામાં તેઓએ કાયમી પ્રકારની કાયમી કામગીરી કરેલ હોવાનું જણાવેલ હોય, તે સંજોગોમાં તેઓએ જણાવેલ કામગીરી પુરવાર કરવાનો બોજો અરજદારપક્ષ ઉપર છે. પરંતુ અરજદારપક્ષે રજુ કરેલો પુરાવો તેઓની હકિકતને પુરવાર કરી શકે તે અનુસારનો નથી. જયારે તે હકિકતથી વિરૂધ્ધની હકિકત તેઓની નિયુકતી કરાર આધારીત હોવાની હકિકત રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. જયારે સામાવાળા સંસ્થા અરજદારે કરેલ કામગીરી કરાર આધારીત હોવાની હકિકત પુરવાર કરવામાં સફળ થયેલ છે. સામાવાળા સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ ઉપરોકત ચુકાદાની હકિકતો હાલના આ રેફરન્સની હકિકતો સાથે સુસંગત હોવાનું જણાઈ આવતું નથી, પરંતુ તેઓએ રજુ કરેલ ચુકાદાનો રેશીયો ધ્યાને લેતાં, તે કાયદાની પરિસ્થિતિને અનુરૂપ હોય આ ચુકાદો આંશીક રીતે તેમના બચાવની હકિકતને સમર્થન કરતો હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવાનું થાય છે.

(૨૨) સામાવાળા સંસ્થા દ્વારા અરજદાર નોકરીમાંથી છુટા થયા બાદ બેકાર બેસી રહેલ નહિં હોવાની હકિકત પરત્વે તકરાર ઉપસ્થિત કરી, અરજદારની ઉલટતપાસ અનુસાર તેમના કુટુંબમાં ચાર સભ્યોનો સમાવેશ થતો હોવાનું, તેમના પરીવારના ભરણપોષણ કરવાની જવાબદારી તેઓ ઉપર હોવાનું અને પરીવારના ભરણપોષણ માટે મહિને રૂા.૫,૦૦૦/– થી રૂા.૭,૦૦૦/– ની જરૂર પડતી હોવાનું જણાવેલ છે તથા તેઓ આ રકમ તેઓ ખેતીવાડી કરીને કમાતા હોવાની અને સ્વૈચ્છાએ તેમની પત્ની પશુપાલન કરી તે રકમ મેળવવતી હોવાની હકિકત જણાવેલ હોય તે સંજોગોમાં અરજદાર બેકાર બેસી રહેલ નથી અને અરજદાર ખેતીવાડી અને પશુપાલન કરી તેઓ તેમનું આસાનીથી ગુજરાન ચલાવી દર મહિને તેઓની જરૂરીયાત મુજબ કમાણી કરી તેઓનું પુરૂ કરતાં હોવાની હકિકત સ્પષ્ટપણે પુરવાર થતી હોય, અરજદારને નોકરી કરવામાં કોઈ રસ નથી. જે સંજોગોમાં તેઓ બેકાર બેસી રહેલ નહિં હોવાની હકિકત પુરવાર થતી હોય અરજદાર પડેલા દિવસોનો કોઈપણ જાતનો પગાર મેળવવા માટે હકકદાર બનતાં નહિં હોવાનું જણાવવામાં આવેલ છે. વધુમાં અરજદારના માંગણા નિવેદનમાં તેઓ બેકાર રહ્યા હોય તેવું કોઈ પ્લીડિંગ લીધેલ ન હોય તેથી પણ અરજદાર પડેલા દિવસોનો પગાર મેળવવા હકકદાર બનતાં નથી તે મુજબની દલીલો કરી તે દલીલના સમર્થનમાં તેઓએ નામદાર સર્વોચ્ચ અદાલતનો 2007 LLR Page No.340 ઉપર પ્રસિધ્ધ થયેલ North East Karnataka Road Transport Corporation Versus M. Nagangouda ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. તેઓ તરફે રજુ કરવામાં આવેલ ઉપરોકત ચુકાદાને અત્રેની અદાલત અતિમાન આપી તેને માનભેર વંચાણે લેવામાં આવેલ છે અને તે ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત સાથે અત્રેની અદાલત સહમત છે. રજુ કરવામાં આવેલ ચુકાદાની હકિકતોને હાલના આ રેફરન્સની હકિકતો સાથે સરખાવતાં આ હકિકતો ભિન્ન છે, પરંતુ રજુ કરેલ ચુકાદાનો રેશીયો ધ્યાને લેતાં, તે કાયદાની પરિસ્થિતિને અનુરૂપ છે તથા આ કામના અરજદાર તથા રજુ થયેલ ચુકાદાના અરજદાર કૃષિ વ્યવસાયમાંથી આવક મેળવતાં હોવાની હકિકત સમાન હોવાનું જણાય આવે છે. આ રજુ થયેલ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, કૃષિ વ્યવસાયમાંથી મળેલ આવકને કોઈપણ સંસ્થામાં લાભદાયક રોજગારમાંથી મળેલી આવક સાથે સરખાવી શકાય નહિં તે મુજબનો શ્રમ અદાલતના તર્કને સ્વીકારી શકાય નહિં અને 'લાભકારક રોજગાર' શબ્દમાં સ્વરોજગારનો પણ સમાવેશ થાય છે કે જેમાંથી આવક ઉત્પન્ન થાય છે. સંસ્થામાં રોજગાર અથવા સ્વ–રોજગારમાંથી આવક માત્ર તે સ્ત્રોતને અલગ

પાડે છે, જેમાંથી આવક ઉતપન્ન થાય છે, અંતિમ ઉપયોગ સમાન છે, પ્રતિવાદી પોતાની જાતને જાળવવા માટે તેના કૃષિ વ્યવસાયોમાંથી કેટલીક રકમ કમાતો હોવાથી, શ્રમ અદાલતને એવું કહેવાનું વ્યાજબી ન હતું કે માત્ર પ્રતિવાદીને કૃષિ આવક પ્રાપ્ત થઈ રહી હતી તેને ''લાભકારક રોજગાર'' માં રોકાયેલ હોવાનું માની શકાય નહિં. નામદાર સર્વોચ્ચ અદાલતના શબ્દોમાં તેઓએ જણાવેલ છે કે– " On the said question, we are unable to accept the reasoning of the Labour Court that the income received by the respondent from agricultural pursuits could not be equated with income from gainful employment in any establishment. In our view, "gainful employment" would also include self-employment wherefrom income is generated. Income either from employment in an establishment or from self- employment merely differentiates the sources from which income is generated, the end use being the same. Since the respondent was earning some amount from his agricultural pursuits to maintain himself, the Labour Court was not justified in holding that merely because the respondent was receiving agricultural income, he could not be treated to be engaged in "gainful employment". ઉપરોકત પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત અનુસાર હાલના આ રેફરન્સ કેસમાં રેકર્ડ ઉપર આવેલ હકિકત સાથે સરખાવતાં અરજદાર તેમના આંક–૧૧ ના સરતપાસના સોગંદનામામાં તેઓ તેમના બાપદાદાના ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર હોવાનું જણાવેલ છે અને તેઓની ઉલટતપાસની હકિકત અનુસાર તેમના કુટુંબના ચાર સભ્યોનું ભરણપોષણની કરવાની જવાબદારી અરજદાર ઉપર હોય અને અરજદાર ખેતીવાડી કરીને તથા તેમની પત્ની પશુપાલન કરીને રકમ મેળવતાં હકિકત જણાવેલ હોય, તે સંજોગોમાં અરજદાર ખેતીવાડી અને પશુપાલન કરી તેમના પરીવારનો નીભાવ ખર્ચ કરવા માટે સક્ષમ છે તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપવામાં આવેલ રેશીયોને ધ્યાને લેતાં, આ રજુ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત સામાવાળા સંસ્થા તરફે લેવામાં આવેલ બચાવને સમર્થન કરતો હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવાનું થાય છે.

(૨૩) આ ઉપરાંત સામાવાળા સંસ્થાએ નામદાર ગુજરાત વડિ અદાલતના 2007 (1) GLR Page No.45 ઉપર પ્રસિધ્ધ થયેલ Jindarsing Bahra & Anr. Versus Cargo Motors Ltd. ના ચુકાદા ઉપર આધાર રાખી દલીલ કરેલ છે કે જયારે કર્મચારીને પુન:સ્થાપિત કરવામાં આવે ત્યારે તેઓ આપોઆપ પાછલો પગાર મેળવવા માટે હકકદાર બની જતાં નથી અને શ્રમ

અદાલતે કર્મચારીએ રજુ કરેલ પુરાવા આધારે તે અંગેનો નિર્ણય સ્વતંત્ર રીતે કરવાનો રહે છે તથા તે મુજબ પુરાવાના અભાવે શ્રમ અદાલત પાછલો પગાર ચુકવવા અંગેનો નિર્ણય કરી શકે નહિં. સામાવાળા સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ ઉપરોકત ચુકાદાને પણ અત્રેની અદાલત અતિમાન આપી તેને માનભેર વંચાણે લીધેલ છે અને તે ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત સાથે સહમત છે. આ રજુ કરવામાં આવેલ ચુકાદો સામાવાળા સંસ્થા તરફે કરવામાં આવેલ દલીલોને સમર્થન કરતો હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવાનું થાય છે.

**(૨૪)** હાલના આ રેફરન્સમાં કાર્યવાહીના પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવાની સમગ્ર હકિકતોને ધ્યાને લેતાં, અરજદારે તેઓની નોકરીની કામગીરી બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લી. માં કરેલી છે. અરજદારની ઉલટતપાસમાં તેઓની સ્વીકૃત તથા બીનતકરારી હકિકત અનુસાર તેઓએ વિવાદ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સંઘ સામે કરેલો અને તેઓએ જે નોકરી કરી તે પણ તેલીબીયા ઉત્પાદક સંઘમાં કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે. અરજદારે તેઓની ઉલટ તપાસમાં સૌથી અગત્યની એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે તેઓએ કયારેય બનાસ ડેરીના કામદાર તરીકે નોકરી કરેલ નથી. આમ, જયારે અરજદારે કયારેય બનાસ ડેરીમાં કામદાર તરીકે નોકરી જ કરેલ ન હોય, તે સંજોગોમાં બનાસ ડેરીએ અરજદારને નિયુકત કરેલ હોવાની તથા તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકિકત પુરવાર થતી નથી. તે સંજોગોમાં આ કામની સામાવાળા સંસ્થાનું અરજદારને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર હોવાનું ઠેરવી શકાય તેમ નથી. બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. નું મર્જર બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. માં તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ થયેલ તે પહેલા અરજદારની કરાર આધારીત હંગામી ધોરણની નોકરીનો સમયગાળો તા.૩૧/૦૩/૨૦૧૩ ના રોજ પૂર્ણ થયેલ હોય તે સંજોગોમાં આ કામની સામાવાળા સંસ્થા સામે અરજદારે ઉપસ્થિત કરેલ તકરાર પ્રિમેચ્યોર થયેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. અરજદારે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘમાં ચોકકસ સમયના કરાર આધારે હંગામી ધોરણની કામગીરી કરેલ છે અને તે હકિકત અરજદાર સાથે કરવામાં આવેલ નિયુકતીના કરારથી પુરવાર થાય છે. નિ.૮/૮ વાળા દસ્તાવેજની હકિકતે અરજદારની કરાર આધારીત હંગામી

ધોરણે છેલ્લી કરવામાં આવેલ નિયુકતીનો સમયગાળો તા.૦૯/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ સુધીનો બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘમાં છે અને તે અનુસાર અરજદારની નિયુકતીનો સમયગાળો પૂર્ણ થતાં તેઓને તેઓની નોકરીની ફરજમાંથી મુકત કરવામાં આવેલ હોય, તે સંજોગોમાં તેઓને મૌખીક હુકમથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલાની અરજદારે જણાવેલ હકિકત પુરવાર થતી નથી.

(૨૫) સામાવાળા સંસ્થાએ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘના માહે. ડિસેમ્બર–૨૦૦૯–જાન્યુઆરી–૨૦૧૦ થી માહે.માર્ચ–એપ્રિલ–૨૦૧૩ સુધીના દરેક મહિનાના કોન્ટ્રાકચ્યુઅલ એમ્પ્લોઈઝના મસ્ટર રોલના પાનાની ખરી નકલો જે આંક–૧૩ થી આંક–૫૦ સુધી રજુ કરેલ છે, તેની હકિકતોને ઘ્યાને લેતાં, અરજદારની કરાર આધારીત નિમણુંક બનાસકાંઠા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ દ્વારા થયેલ હોવાનું જણાય આવે છે. અરજદારપક્ષની દલીલો અનુસાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ.નું મર્જર સામાવાળા સંસ્થામાં થયેલ હોય અને સામાવાળા સંસ્થાએ તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘના કામદારોને તેઓની સંસ્થામાં સમાવિષ્ટ કરેલ હોય, તે અનુસાર અરજદાર સામાવાળા સંસ્થામાં પુન:સ્થાપિત થવા હકકદાર હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ તે મુજબનું અરજદારનું પ્લીડિંગ તેમના આંક–૪ ના માંગણા નિવેદનમાં તથા આંક–૧૧ થી રજુ કરવામાં આવેલ સરતપાસના સોગંદનામામાં કરવામાં આવેલું નથી. જયારે રેકર્ડ આધારીત હકિકતો અનુસાર જયારે તેલીબીયા સંઘનું બનાસ ડેરીમાં મર્જર થયું ત્યારે અરજદાર તેલીબીયા સંઘમાં મસ્ટર પરના કર્મચારી ન હતાં. અરજદારપક્ષે તેમની હકિકતના સમર્થનમાં બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ., પાલનપુરનો તા.૨૦/૧૦/૨૦૧૧ ના રોજ ગુજરાત રાજય સહકારી મંડળીના રજીસ્ટ્રારને લખવામાં આવેલ પત્ર ઉપર આધાર રાખી તે પત્ર નિ.૧૨/૧ થી રજુ કરેલ છે અને તે પરત્વે સામાવાળ સંસ્થાના સાહેદની ઉલટ તપાસ કરેલ કરેલ છે અને તે દસ્તાવેજ પરત્વે સામાવાળા સંસ્થા તરફે કોઈ વાંધો લેવામાં આવેલ નથી તથા સાહેદે આ દસ્તાવેજ જોઈને એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે તે પત્રમાં સંસ્થાના વહિવટમાં હેડ ઓફિસ તથા બાદરપુરા પ્લાન્ટનો સમાવેશ થાય છે સંસ્થાની વડિ કચેરી ખાતે સંસ્થાના પાંચ તથા બાદરપુરા પ્લાન્ટ ખાતે સંઘના ૬૦ કાયમી અધિકારી/કર્મચારી તથા ૬ હંગામી કર્મચારી ફરજ બજાવે છે તેવું લખેલું છે. અરજદારપક્ષે તેઓએ રજુ કરેલ નિ.૧૨/૧

વાળો કે જેના ઉપર તેઓએ આધાર રાખેલ છે તે લગત તેઓએ કોઈ પુરાવો આપેલ નથી. બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ તરફે જયારે તા.૨૦/૧૦/૨૦૧૧ ના રોજ પત્ર લખવામાં આવેલ તે સ્થિતિએ અરજદાર તે સંસ્થામાં તેઓની કામગીરી કરી રહેલ હતાં. પરંતુ જયારે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘનું તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ મર્જર થયું તે પહેલાં તા.૩૧/૦૩/૨૦૧૩ ના રોજ અરજદારની કરાર આધારીત સમયમર્યાદા વાળી નિયુકતીનો અંત આવતાં તેઓ તેમની નોકરીની ફરજો માંથી મુકત થયેલ છે અને તેલેબીયા સંઘનું બનાસ ડેરીમાં મર્જર થયું ત્યારે તેઓ તેલીબીયા સંઘમાં મસ્ટર પરના કર્મચારી ન હતાં. તે સંજોગોમાં જયારે સંસ્થાઓના મર્જર સમયે અરજદાર મસ્ટર પરના કર્મચારી જ રહેલ ન હોય, તેઓનો સમાવેશ સામાવાળા સંસ્થામાં થયેલ નહિં હોવાની હકિકત સ્વાભાવિક છે. આ ઉપરાંત અરજદાર સંસ્થાઓનું મર્જર થયેલ તે હકિકતથી તેઓ અજ્ઞાન હોવા અંગેનો કોઈ પુરાવો તેઓ તરફે ન હોય તે સંજોગોમાં સંસ્થાઓના મર્જર થયાની હકિકત પરત્વે તેઓને જ્ઞાન છે. અરજદારની કરાર આધારીત નોકરીનો સમયગાળો પૂર્ણ થતાં તેઓએ તે મુજબની પરિસ્થિતિ તેમનો વિવાદ દાખલ કર્યા તા.૨૮/૦૩/૨૦૧૪ સુધી સ્વીકારેલી છે.

(૨૬) અરજદારના આંક–૧૧ ના સરતપાસના સોગંદનામાની હકિકત ઘ્યાને લેવામાં આવે તો તેઓએ એ મુજબ જણાવેલ છે કે,''અમો બીજા પક્ષકારને છુટા કર્યા બાદ અમો બીજા પક્ષકાર સંસ્થા હાલમાં બનાસકાંઠા જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ બનાસડેરી પાસે મૌખીક માંગણી કરેલ તેમ છતાંય નવીન માણસોને કામગીરી આપેલ છે. પરંતુ અમોને કામગીરી આપેલ નથી.'' અરજદારે જે હકિકત જણાવેલ છે તે અંગે તેઓએ સામાવાળા સંસ્થાના કયા અધિકારીને મળેલ, કયારે મળેલ, કોણે કામગીરી આપેલ નથી તે હકિકતો પરત્વે કોઈ પુરાવો રજુ કરેલ નથી. અરજદારના નિ.૧૦/૧ તથા નિ.૫૧/૧ વાળા દસ્તાવેજની હકિકત એકસમાન હોય, આ દસ્તાવેજોને ઘ્યાને લેતાં, અરજદારે તા.૨૦/૦૨/૨૦૧૪ ના રોજ ચેરમેનશ્રી/મેનેજીંગ ડિરેકટર સાહેબશ્રી, બનાસ ઓઈલ પ્રોસેસીંગ પ્લાન્ટ, બાદરપુરા ને ઉદ્ધેશીને મૂળ ફરજ ઉપર હાજર કરવા અંગેની બાબત જણાવી તેઓને ફરજ ઉપર તાત્કાલીક નિમણુંક આપવા માટે લખેલ પત્રની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે અને નિ.૫૧/૧ ના પત્રને મારૂતિ કુરીયરથી મોકલાવેલ હોવા અંગે કુરીયરના કવરની ઝેરોક્ષ નકલ નિ.૫૧/૨ થી રજુ કરેલી છે. પરંતુ આ નિ.૫૧/૨

વાળા દસ્તાવેજની હકિકત અનુસાર અરજદારે આ કુરીયર બનાસ તેલેબીયા સહકારી સંઘને મોકલવામાં આવેલાનું અને તેમાં તા.૦૧/૦૫/૨૦૧૩ ની હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવેલ છે. નિ.૫૧/૧ વાળો પત્ર તા.૨૦/૦૨/૨૦૧૪ ના રોજ છે અને નિ.૫૧/૨ વાળા કુરીયરમાં તા.૦૧/૦૫/૨૦૧૩ ની હોય, આ તારીખ પત્ર લખ્યાની તારીખ પહેલા કુરીયર કરેલ હોવાનું પુરવાર થતું હોય તે સંજોગોમાં અરજદારે આ કામની સામાવાળા સંસ્થાને કોઈ પત્ર લખેલ નહિં હોવાનું પણ સ્પષ્ટરીતે પુરવાર થાય છે. વધુમાં અરજદારની ઉલટ તપાસની હકિકત અનુસાર તેમના કુટુંબમાં ચાર સભ્યોનો સમાવેશ થતો હોવાનું અને તેમના પરિવારના સભ્યોનું ભરણપોષણની કરવાની જવાબદારી અરજદાર ઉપર હોવાનુ તથા આ ભરણપોષણ કરવા માટે રૂા.૫,૦૦૦/- થી રૂા.૭,૦૦૦/- ની જરૂર પડતી હોવાનું અને તેઓ ખેતીવાડી અને પશુપાલન કરી તે રકમ મેળવતાં હોવાની હકિકત જણાવેલ હોય તે સંજોગોમાં અરજદારને ખેતીની આવકનો સ્ત્રોત હોય, તેઓ બેકાર બેસી રહેલ હોવાની હકિકત પુરવાર થતી નથી. અરજદારે તેમના આંક-૧૧ ના સરતપાસના સોગંદનામામાં સામાવાળા સંસ્થાએ નવીન માણસોને કામગીરી આપેલ હોવાની હકિકત જણાવવામાં આવેલ છે. અરજદાર તરફે સામાવાળા સંસ્થાના સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસની હકિકત ધ્યાને લેતાં, સાહેદે એ હકિકતનો સ્વીકાર કરેલો છે કે બનાસ જીલ્લા તેલીબીયા સંઘ જે બનાસકાંઠા જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ (બનાસ ડેરી) માં મર્જર થયેલ હોય તે જુનો પ્લાન્ટ બનાસ ડેરી ચલાવે છે અને તે હાલમાં કાર્યરત છે. પરંતુ સંસ્થાઓના મર્જર થયા સમયે તેઓ મસ્ટર પરના કર્મચારી ન હોય અને તેમનો કરાર આધારીત નોકરીનો સમયગાળો પૂર્ણ થયેલ હોય તે સંજોગોમાં અરજદારને કામગીરી નહિં આપી અન્ય કર્મચારીઓને કામગીરી આપેલ હોવાની હકિકત પણ પુરવાર થતી નથી.

**(૨૭)** સામાવાળા સંસ્થા તરફે એ મુજબની દલીલ કરવામાં આવેલ છે કે, બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘનું તા.૦૯/૦૧/૨૦૧૪ ના રોજ સામાવાળા સંસ્થામાં મર્જર થયેલ હોય તે સંજોગોમાં બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘનું હાલમાં કોઈ કાયદાકીય અસ્તીત્વ રહેતું નથી તો તે સંજોગોમાં બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘ સામે હાલના તબકકે કોઈ હુકમ થઈ શકે તેમ ન હોય, અરજદારે બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદન સહકારી સંઘ સામે માંગેલ કોઈપણ દાદ મેળવવા માટે હકકદાર

બનતાં નથી અને શ્રમ અદાલત જે અનુસુચી આધારે રેફરન્સનો નિર્ણય કરવાનો હોય, તે અનુસુચીની મર્યાદાની અંદર વર્તવા બંધાયેલી છે અને તે તેમનો વ્યાપ વધારી અનુસુચીની મર્યાદા બહાર નિર્ણય કરી શકે નહિં. તેઓએ કરેલ આ દલીલના સમર્થનમાં નામદાર ગુજરાત વડિ અદાલતનો 2011 (3) (52) GLR Page No.2360 ઉપર પ્રસિધ્ધ થયેલ Institute of Rural Management Versus N.D.D.B. Employees Union through Secretary and Others; (SCA No.8276 of 2010; Decided on 10-3-2011 ના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. તેઓ તરફે રજુ કરવામાં આ ચુકાદાને અત્રેની અદાલત અતિમાન આપી તેને માનભેર વંચાણે લેવામાં આવેલ છે તથા તે ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો સાથે અત્રેની અદાલત સહમત છે. પરંતુ રજુ કરવામાં આવેલ આ ચુકાદાની હકિકતો હાલના આ રેફરન્સની હકિકતો એકબીજાથી ભિન્ન છે. આ કામે અરજદારે તેઓની તકરાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. સામે કરેલ હોવાની હકિકત નિર્વિવાદ છે, પરંતુ તેઓએ તેમની તકરાર મદદનીશ શ્રમ આયુકત સમક્ષ તા.૨૮/૦૩/૨૦૧૪ ના રોજ ઉપસ્થિત કરેલ તે પહેલા બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લી. નું મર્જર આ કામની સામાવાળા સંસ્થા એટલે કે ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. માં તા.૦૧/૦૯/૨૦૧૪ ના રોજ થઈ ગયેલ. અરજદારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષની કન્સીલીએશનની કાર્યવાહી દરમ્યાન તેમની ફરીયાદમાં સામાવાળા સંસ્થાનું નામ સુધારવાની અરજી આપવામાં આવેલ અને તે અનુસાર આ કામની સામાવાળા સંસ્થાનું નામ દાખલ થયેલ. મદદનીશ શ્રમ આયુકત દ્વારા અત્રેની અદાલતને જે અનુસુચી સુપ્રત કરવામાં આવેલ છે, તેમાં અરજદારનું તથા સામાવાળા સંસ્થા ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નું નામ જણાવવામાં આવેલ છે. અરજદાર તરફે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ચાલતી કાર્યવાહીમાં સામાવાળા સંસ્થાના નામમાં સુધારો કરવામાં આવેલ છે. પરંતુ અરજદારની મદદનીશ શ્રમ આયુકત સમક્ષની ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો તે ફરીયાદના કોલમ નં.૧૪ માં 'છુટા કર્યાની તારીખ' ના કોલમમાં અરજદારે તા.૦૧/૦૪/૨૦૧૩ ની જણાવેલ છે તથા કોલમ નં.૧૫ માં 'છુટા કરવાનું કારણ' તે કોલમમાં ''કારણ જણાવ્યા વગર મૌખીક રીતે જ નોકરી આપવાની ના પાડવામાં આવેલ છે'' તેમ જણાવવામાં આવેલ છે. ઉપરોકત મુજબની હકિકતો જોતાં, તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજ આ કામની સામાવાળા સંસ્થાનું આ રેફરન્સની હકિકતો અન્વયેનું અસ્તીત્વ ન હતું. પરંતુ આ કામની સામાવાળા સંસ્થામાં બનાસકાંઠા જીલ્લા

તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. નું મર્જર થવા પામેલ હોય અને સામાવાળા સંસ્થાના સાહેદની ઉલટ તપાસની હકિકત અનુસાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘનો જુનો પ્લાન્ટ આ કામની સામાવાળા સંસ્થા ચલાવતી હોય અને તે હાલમાં કાર્યરત હોય, તે સંજોગોમાં અત્રેની અદાલતને સુપ્રત કરવામાં આવેલ અનુસુચીની મર્યાદા બહાર આ તકરારનો ન્યાય નિર્ણય થતો હોવાની સામાવાળા સંસ્થા તરફેની દલીલોને માની શકાય તેમ નથી. આ ઉપરાંત અરજદારે કરેલ કરાર આધારીત કામગીરી અન્વયે કરારની કાયદેસરતા તપાસવા અંગેનો હાલનો આ ટર્મ્સ ઓફ રેફરન્સ નથી. વધુમાં અત્રેની અદાલતને અરજદાર ને પડેલા દિવસોના પગાર તેમજ અન્ય લાભો સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેનો નિર્ણય કરવા માટે અનુસુચી સુપ્રત કરવામાં આવેલ છે. પરંતુ અરજદારને કરાર આધારીત નિયુકતી આપનાર સંસ્થા તથા કરારપૂર્ણ થતાં નોકરીની ફરજોમાંથી મુકત કરનાર સંસ્થા એ આ કામની સામાવાળા સંસ્થા નથી. સંસ્થાઓનું મર્જર થયા બાદ જુની સંસ્થાનો જુનો પ્લાન્ટ આ કામની સામાવાળા સંસ્થા ચલાવતી હોવાની તથા હાલમાં કાર્યરત હોવાની હકિકત છે. પરંતુ સંસ્થાઓના મર્જર થયા સમયે અરજદાર જુની સંસ્થા તેલીબીયા સંઘમાં મસ્ટર પરના કર્મચારી નહિં હોવાની અરજદારની સ્વીકૃત હકિકત અનુસાર તેઓ જયારે મસ્ટર પરના કર્મચારી રહેલ ન હોય તથા તેઓની કરાર આધારીત નિયુકતીની સમયમર્યાદા પૂર્ણ થતાં તેઓ જયારે ફરજ મુકત થયેલ હોય તે સંજોગોમાં અરજદારને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકિકત તેઓ પુરવાર કરી શકેલ ન હોય, અરજદાર તેમના પડેલા દિવસોનો પગાર તથા અન્ય લાભો આ કામની સામાવાળા સંસ્થા પાસે મેળવવા હકકદાર બનતાં નથી. આમ, સામાવાળા સંસ્થા તરફે ઉપરોકત રજુ કરવામાં આવેલ ચુકાદો તેઓની દલીલોને સમર્થન કરતો નહિં હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવાનું થાય છે.

(૨૮) સદર રેફરન્સની રેકર્ડ આધારીત હકિકતો અનુસાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. એ અરજદારને નિયત સમયમર્યાદા અનુસારના કરાર આધારીત હંગામી ધોરણે નિયુકતી કરવામાં આવેલ. જે કરારો સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ છે અને આ દસ્તાવેજો અંગે અરજદારે કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી. આ દસ્તાવેજોમાં અરજદારે તેઓની સહિ હોવાનું અરજદારે તેઓની ઉલટ તપાસમાં જણાવેલ છે. જે સંજોગોમાં

અરજદારે કરેલ કામગીરી કરારની શરતો તથા કરારના સ્વરૂપ આધારીત હોય તે મુજબ કરવામાં આવેલ કામગીરી કાયમી પ્રકારની અને કાયમી સ્વરૂપની હોવાનું પુરવાર થતું નથી. અરજદાર તરફે નિ.૧૦/૧ થી રજુ કરવામાં આવેલ સને.૨૦૦૩–૦૪ અને સને.૨૦૦૪–૦૫ ની પી.એફ. સ્લીપો અનુસાર અરજદાર બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ. ના કર્મચારી હોવાનું ફલીત થાય છે. માત્ર પી.એફ. સ્લીપો રજુ કરવા માત્રથી અરજદાર તેઓની નિમણુંકના સ્વરૂપને બદલી શકાય તેમ નથી. અરજદારને જે સંસ્થાએ નિમણુંક આપેલ તે સંસ્થા હાલના આ રેફરન્સના કામે પક્ષકાર તરીકે નથી. અરજદારની કરાર આધારીત હંગામી ધોરણની નોકરીનો સમયગાળો તા.૩૧/૦૩/૨૦૧૩ ના રોજ પૂર્ણ થયલ છે, તે તારીખે આ રેફરન્સની સામાવાળા સંસ્થાનું મર્જર થયેલ ન હતું. અરજદારે તેઓની કરાર આધારીત નોકરીનો સમયગાળો જયારે પૂર્ણ થયા બાદ તેઓને ફરજ મુકત કરવામાં આવેલ તે બાદ તેઓએ હાલની આ તકરાર જયારે ઉપસ્થિત કરેલ તે સમયગાળા સુધીની પરિસ્થિતિ અરજદારે સ્વીકારેલ છે. અરજદારને આ કામની સામાવાળા સંસ્થાએ નિયુકતી આપેલાની અને સામાવાળા સંસ્થાએ નોકરીમાંથી છુટા કરેલાની હકિકત નથી. આ રેફરન્સની મહત્વની હકિકત અરજદાર અને સામાવાળા સંસ્થા વચ્ચે કામદાર/કર્મચારી અને માલીકના સંબંધો પુરવાર થાય છે કે કેમ? તે મહત્વનો પ્રશ્ન છે અને તે હકિકત અનુસાર આ રેફરન્સમાં એ હકિકત રેકર્ડ ઉપર પુરવાર થવી જરૂરી છે કે, અરજદારને નિયુકતી કઈ સંસ્થાએ આપી, અરજદારની નિયુકતીના સમયગાળા અનુસારનો પગાર કઈ સંસ્થા દ્ધારા ચુકવવામાં આવેલ, કઈ સંસ્થાને અરજદારને નોકરીમાંથી છુટા કરવાની તથા ગેરરીતી સબબ શિસ્ત અન્વયે ખાતાકિય તપાસ કરવાની સત્તા રહેલ છે, અરજદારને તેઓની ફરજની સોંપણી કોના તરફે થતી હતી કે અરજદાર કોના નિર્દેશ અને સુચના આધારે તેઓની કામગીરી કરતાં હતાં. આ હકિકતો અરજદાર તથા સામાવાળા સંસ્થા વચ્ચે કર્મચારી અને માલીકના સંબંધો પુરવાર થવા માટે મહત્વની છે અને આ હકિકતો પુરવાર કરવાનો પ્રથમ દર્શનીય પુરાવાનો બોજો અરજદારપક્ષ ઉપર છે. પરંતુ સદર હકિકતો પરત્વે અરજદારે કોઈ પુરાવો આપેલ નથી. અલબત, તે હકિકતો પરત્વે અરજદારે ચુપકિદી સેવેલ છે. અરજદારને કરાર આધારીત હંગામી સમયમર્યાદાને આધીન નિયુકિત બનાસકાંઠા જીલ્લા તેલેબીયા ઉત્પાદક સહકારી સંઘ તરફે થયેલ છે અને અરજદારની નિયુકતીનો સમયગાળો પૂર્ણ થતાં તેઓને નોકરીની ફરજોમાંથી મુકિત પણ બનાસકાંઠા જીલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ તરફે કરવામાં

આવેલ છે. તે સંજોગોમાં અરજદારની છટણી કરવામાં આવેલ હોવાની હકિકત પુરવાર થતી ન હોય, હાલનો આ રેફરન્સ ઔદ્યોગીક તકરાર અધિનિયમની કલમ ર (ઓઓ) (બીબી) ની જોગવાઈ અનુસારનો હોવાનું સ્પષ્ટપણે પુરવાર થતું હોય, તે સંજોગોમાં અરજદારને નિયુકત કરનાર સંસ્થાએ ઔદ્યોગીક તકરાર અધિનિયમની કલમ ૨૫ (એફ) નો ભંગ કરીને અરજદારને મૌખીક હુકમથી છુટા કરેલ હોવાની હકિકત અનુસારનો હાલનો આ રેફરન્સ નથી. રેકર્ડ આધારીત હકિકતો અનુસાર આ કામના અરજદાર તથા સામાવાળા સંસ્થા તરફે કર્મચારી અને માલીક અંગેના સંબંધો પુરવાર થયેલ ન હોય, તે સંજોગોમાં આ કામની સામાવાળા સંસ્થાએ ઔદ્યોગીક તકરાર અધિનિયમની આદેશાત્મક જોગવાઈઓનો ભંગ કરીને અરજદારને ગેરકાયદેસર રીતે અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરેલાની હકિકત પુરવાર થતી ન હોય, સામાવાળા સંસ્થાનું હાલના આ રેફરન્સની પરીપેક્ષ અન્વયેનું કૃત્ય ગેરકાયદેસર હોવાનું ગણી શકાય તેમ નથી.

(૨૯) આમ, ઉપરોકત મુજબની તમામ રેકર્ડ આધારીત હકિકતો, કાર્યવાહીના પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ, કરવામાં આવેલ દલીલો અને દલીલોના સમર્થનમાં રજુ કરવામાં આવેલ ચુકાદાઓ તથા તે પરત્વે આપવામાં આવેલ તારણોને ઘ્યાને લેતાં, અરજદાર સામાવાળા સંસ્થામાં તેમના પડેલા દિવસોના પગાર તેમજ અન્ય લાભો સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર બનતાં ન હોય અત્રેથી હાલના આ રેફરન્સ પરત્વે ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દા નં.૧ નો નિર્ણય ''નકારમાં'' આપી, મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

(૧) અરજદાર શ્રમયોગી શ્રી દલસંગભાઈ દેવાભાઈ ભુતડિયાનો હાલનો આ રેફરન્સ (એલ.સી.પી.) (ટી) નં.ર૭/૨૦૧૪ આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) રેફરન્સ ના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તારીખ : ૩૦/૦૫/૨૦૨૨<br>
સ્થળ : પાલનપુર.

( મનીષ મનહરભાઈ બુધ્ધભટ્ટી )<br>
જીજે૦૦૮૫૫<br>
પ્રમુખ અધિકારી, શ્રમ અદાલત, પાલનપુર.